અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ એપ્રિલ ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર સુદ ૧૧

વર્ષ : ૧૫
અંક : ૨૫૮

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886







### ક્ષત્રિય સમાજના વિરોધ પર પહેલીવાર બોલ્યા અમિત શાહ

# રૂપાલાજી પહેલા જ માફી માંગી ચૂક્યા છે હવે હું પણ માફી માંગુ છું

## કેન્દ્રીય ગૃહમંત્રીએ ગાંધીનગરમાં રોડ શો કર્યો હતો, જેમાં ભારે ભીડ ઉમટી હતી પરંતુ ઉત્સાહ જોઈને હું કહી શકું છું કે અમે છેલ્લી ચૂંટણી કરતાં વધુ સારું પ્રદર્શન કરવાના છીએ

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સતત પ્રચાર કરી રહ્યા છે. ઘણા રાજ્યોમાં પ્રચાર કર્યા બાદ આજે તેઓ તેમના મતવિસ્તાર ગાંધીનગરમાં છે, જ્યાં તેમણે જોરદાર રોડ શો કર્યા છે. આ દરમિયાન પ્રથમ વખત તેમણે ક્ષત્રિય સમાજ દ્વારા ચાલી રહેલા આંદોલન અંગે પ્રતિક્રિયા આપી છે. કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજને લઈને આપેલા નિવેદન પર પહેલીવાર ગૃહમંત્રી અમિત શાહે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે પરષોત્તમ રૂપાલાએ આ મામલે દિલથી માફી માંગી છે.ત્યારે હું પણ આ મામલે માફી માંગુ છું. ગુજરાતની ૨૬ એ ૨૬ સીટો પર કમળ ખિલવશેનું જણાવ્યું હતુ. હકીકતમાં કેન્દ્રીય મંત્રી રૂપાલાએ વાલ્મિકી સમાજના એક કાર્યક્રમમાં નિવેદન આપ્યું હતું જે બાદથી ક્ષત્રિયો રુપાલાની વિરુદ્ધ છે અને વિરોધ નોંધાવી રહ્યા છે. તેમના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં મહિલાઓ આગળ આવી હતી. મહિલાઓએ કહ્યું કે કેન્દ્રીય મંત્રીએ તેમની અખંડિતતા પર પ્રહારો કર્યા છે. મામલો વધતો જોઈ પરષોત્તમ રૂપાલાએ માફી માંગી હતી. તેણે કહ્યું, ‘મેં જે કહ્યું તે મારો અર્થ નહોતો. હું અત્યંત દિલગીર છું. રુપાલાના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### દેશવાસીઓ ભાજપને સાથ આપી આ વખતે ફરી ગુજરાતમાં કમળ ખિલવશે



કેન્દ્રીય ગૃહમંત્રીએ તેમના સંસદીય ક્ષેત્ર ગાંધીનગરમાં રોડ શો કર્યો હતો, જેમાં ભારે ભીડ ઉમટી હતી. પરંતુ ઉત્સાહ જોઈને હું કહી શકું છું કે અમે છેલ્લી ચૂંટણી કરતાં વધુ સારું પ્રદર્શન કરવાના છીએ. સમગ્ર દેશમાં મૂડ ૪૦૦ની ઉપર છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સતત પ્રચાર કરી રહ્યા છે. ઘણા રાજ્યોમાં પ્રચાર કર્યા બાદ આજે તેઓ તેમના મતવિસ્તાર ગાંધીનગરમાં છે, જ્યાં તેમણે જોરદાર રોડ શો કર્યા છે. તેઓ તેમના લોકસભા મતવિસ્તારના તમામ ૭ વિધાનસભા મતવિસ્તારોમાં સવારે ૯ થી સાંજના ૭ વાગ્યા સુધી સતત રોડ શો કરશે.

### જય શ્રી રામના નારા સાથે કલોલ શહેર ગૂંજી ઉઠ્યું હતું

અમિત શાહે રેલી દરમ્યાન જણાવ્યું હતું કે ૨૦૨૪માં ભાજપ ૪૦૦ પાર થશે. તેમજ સમગ્ર દેશમાં નરેન્દ્ર મોદીના સમર્થનની પ્રચંડ લહેર છે.૨૦૪૭માં પૂર્ણ વિકસિત ભારત બનાવવાનું લક્ષ્યાંક છે. પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણમાં મોદી લહેર છે. અમિત શાહે જય શ્રી રામના નારા લગાવ્યા હતા. જય શ્રી રામના નારા સાથે કલોલ શહેર ગૂંજી ઉઠ્યું હતું. સાથે જ ફરી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિજય બનાવા માટે આહવાહન કર્યું છે

### મોદી સરકારના ૮ મંત્રીઓનું ભાવી થશે EVMમાં સીલ

# દેશના ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો માટે થશે આજે મતદાન

### ૧૦૨ સીટ પર થનારા પ્રથમ ચરણના મતદાનમાં મોદી સરકારના ૮ મંત્રીઓ મેદાનમાં છે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૮ ।

દેશના ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો માટે મતદારો પોતાના મતાધિકારનો પ્રયોગ કરશે. જેના માટે તમામ રાજકીય પક્ષોએ ચૂંટણી પ્રચારમાં સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે ત્યારે પહેલાં તબક્કામાં કયા-કયા રાજ્યોમાં ચૂંટણી યોજાશે?. આ બેઠક પર કયા મોટા ઉમેદવારો રેસમાં છે? ૧૦૨ સીટ પર થનારા પ્રથમ ચરણના મતદાનમાં મોદી સરકારના ૮ મંત્રીઓ મેદાનમાં છે, સાથે બે પૂર્વ મુખ્યમંત્રી અને એક પૂર્વ રાજ્યપાલની અગ્નિપરીક્ષા થશે. પહેલા ચરણમાં ક્યા કેન્દ્રીય મંત્રીઓના નામ પર ઈફસ્ના બટન દબાશે, તેના પર વાત કરીએ તો મહારાષ્ટ્રની નાગપુર સીટ પરથી કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરી ત્રીજી વખત ચૂંટણી મેદાનમાં છે. વર્ષ ૨૦૧૪માં ગડકરીએ સાત વખતથી સાંસદ બની રહેલા વિલાસ મુત્તેમવારને ૨.૮૪ લાખ મતથી હરાવ્યા હતા. તો ૨૦૧૯ લોકસભામાં કોંગ્રેસના ઉમેદવાર નાના પટોલે ૨.૧૬ લાખ મતથી હરાવ્યા હતા. ત્યારે આ વખતે નિતિન ગડકરી હેટ્રીક લગાવવાના મૂડ સાથે મેદાનમાં ઉતર્યા છે. રાજસ્થાનની બીકાનેર બેઠક પરથી ભાજપના નેતા અને કેન્દ્રીય કાયદામંત્રી અર્જુનરામ મેઘવાલ ફરી એકવાર ચૂંટણી લડી રહ્યા છે. અર્જુનરામ મેઘવાલ સામે કોંગ્રેસના પૂર્વ મંત્રી ગોવિંદરામ મેઘવાલ મેદાનમાં છે. રાજસ્થાનની અલવર સીટ પર હાઈપ્રોફાઈલ માનવામાં આવી રહી છે. જ્યાંથી કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ જંગ લડી રહ્યા છે. અરુણાચલ પ્રદેશની પશ્ચિમ બેઠક પરથી કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂ ચૂંટણી મેદાનમાં છે. કિરણ રિજિજૂ વર્ષ ૨૦૦૪થી ૩ વખત આ બેઠક પર સાંસદ ચૂંટાઈ રહ્યા છે અને હવે ચોથી વખત જીત સાથે મેદાનમાં ઉતર્યા છે.

### અમેરિકામાં વધુ એક ભારતીયનું મોત થયું

। નવીદિલ્હી,તા.૧૮ ।

અમેરિકાથી ફરી એકવાર હચમચાવી મૂકે તેવા સમાચાર સામે આવ્યા છે. અહીં ગેરકાયદે ઘૂસણખોરી મામલે પકડાયેલા એક ૫૭ વર્ષીય ભારતીયનું મોત નીપજતાં ખળભળાટ મચી ગયો છે. એટલાન્ટાની હોસ્પિટલમાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. અત્યાર સુધીની માહિતી અનુસાર તેમને ફરી વતન ડિપોર્ટ કરવાની તૈયારી ચાલી રહી હતી. ફેડરલ ઓથોરિટીએ આ માહિતી આપી હતી.

### મની લોન્ડ્રિંગ કેસમાં EDની સૌથી મોટી કાર્યવાહી

# બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા વિરુદ્ધ EDએ મોટી કાર્યવાહી કરી

। (એજન્સી) નવીદિલ્લી, તા.૧૮ ।

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રા વિરુદ્ધ EDએ મોટી કાર્યવાહી કરી છે. વાત જાણે એમ છે કે, ED એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની મુંબઈ શાખાએ PMLA એક્ટ હેઠળ ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને તેના પતિ રાજ કુન્દ્રાની ૯૭.૭૯ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. EDના સૂત્રોના જણાવ્યા અનુસાર જપ્ત કરાયેલી સંપત્તિમાં જુહુ સ્થિત એક બંગલો પણ સામેલ છે જે શિલ્પા શેટ્ટીના નામે છે. તેમજ પુણેમાં



એક બંગલો પણ સામેલ છે. આ સિવાય EDએ રાજ કુન્દ્રાના નામના કેટલાક શેર પણ જપ્ત કર્યા છે. વાસ્તવમાં તપાસ એજન્સી EDએ મહારાષ્ટ્રમાં નોંધાયેલી અલગ-અલગ FIRના આધારે PMLA એક્ટ હેઠળ તપાસ શરૂ કરી હતી. આરોપ એવો હતો કે મેસર્સ વેરિએબલ ટેક પ્રાઈવેટ લિમિટેડ, સ્વ.અમિત ભારદ્વાજ, અજય ભારદ્વાજ, વિવેક ભારદ્વાજ, સિમ્પી ભારદ્વાજ, મહેન્દ્ર ભારદ્વાજ અને અન્ય MLM એજન્ટોએ ખોટા વચનોના આધારે રોકાણકારો પાસેથી આશરે રૂ. ૬૬૦૦ કરોડના બિટકોઈન મેળવ્યા હતા. વર્ષ ૨૦૧૭ જે ૧૦ ટકા વળતર દ્વારા પુનઃપ્રાપ્ત કરવાની ખાતરી આપવામાં આવી હતી અને બિટકોઈન માઈનિંગમાં અંગત હિતો માટે તેનો ઉપયોગ કર્યો.

### કેનેડામાં સોનાની સૌથી મોટી ચોરીમાં માત્ર એક કિલો જ ઝડપાયુ

। નવીદિલ્લી, તા.૧૮ ।

કેનેડિયન અને યુએસ પોલીસે ગયા વર્ષે એર કેનેડાની કાર્ગો ફેસિલિટીમાંથી સોના અને વિદેશી ચલણની ચોરીના સંબંધમાં લોકોની ધરપકડ કરી છે અને અન્ય ત્રણની શોધ કરી રહી છે. ધરપકડ કરાયેલા લોકોમાંથી એક યુએસએના પેન્સિલવેનિયામાં પકડાયો છે અને તે યુએસ પોલીસની કસ્ટડીમાં છે. કેનેડામાં ધરપકડ કરાયેલા પાંચ લોકોને હાલમાં જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે.

### છ લાખથી વધુ નકલી મતદારો : માધવી લતાનો દાવો

# હૈદરાબાદમાં ૫.૧૪ લાખ મતદારોના નામ યાદીમાંથી હટાવામાં આવ્યા

। (એજન્સી) હૈદરાબાદ,તા.૧૮ ।

લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન ૧૯મી એપ્રિલ એટલે આવતીકાલે થવાનું છે ત્યારે બુધવાર સાંજથી જ પ્રચારના પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે. આ વચ્ચે હૈદરાબાદમાં મતદાર યાદીમાંથી ૫.૪૧ લાખથી વધુ મતદારોના નામ દૂર કરવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી પંચ દ્વારા એક પ્રેસ રિલીઝ કરીને આ અંગેનું કારણ પણ જણાવવામાં આવ્યું હતું. હૈદરાબાદ જિલ્લામાં ૧૫ વિધાનસભા બેઠકો આવેલી છે અને પંચે પ્રથમ તબક્કાના મતદાન પહેલા જ મતદાર યાદીમાંથી ૫.૪૧ લાખ કરતા પણ વધારે મતદારોના નામ કાઢી નાખ્યા છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર યાદીમાંથી મતદારોના નામ હટાવવાના કારણોમાં તેમનું મૃત્યુ, રહેઠાણમાં ફેરફાર અને નામની બે વાર નોંધણી છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ બુધવારે એક પ્રસે રિલીઝમાં જણાવ્યું હતું કે હૈદરાબાદ જિલ્લામાં ચૂંટણી તંત્ર મતદાર યાદીની સચોટતા સુનિશ્ચિત કરવા સખત મહેનત કરી રહ્યું છે.

### ડાયાબિટિસ વધવા પાછળનું કારણ તેમના ઘરનું જમવાનું છે

# અરવિંદ કેજરીવાલ જેલમાંથી મુક્ત થવા માટે ખાઈ રહ્યા છે મીઠાઈ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૮ ।

દિલ્હી કોર્ટમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની નિયમિત દાક્તરી તપાસની માંગ કરતી અરજી મામલે આજે એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે પોતનો જવાબ સબમિટ કર્યો છે. જેમાં ઈડી તરફથી રજૂ થયેલા વકીલ જુહૈબ હુસૈને જણાવ્યું કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો ડાયાબિટિસ વધવા પાછળનું કારણ તેમના ઘરનું જમવાનું છે. તેમને ઘરેથી આલુ પુરી, કેરી, મિઠાઈ અને ગળી વસ્તુઓ ખાવા માટે અપાઈ રહી છે જેથી



કેજરીવાલ મેડિકલ ગ્રાઉન્ડના આધારે કોર્ટમાં પોતાની જામીન માટેની અરજી દાખલ કરવાનું અયોજન કરી રહ્યા છે

અરવિંદ કેજરીવાલના વકીલ વિવેક જૈને ઈડીના વકીલની દલીલોનો વિરોધ કરતા કહ્યું હતું કે તપાસ એજન્સી આ નિવેદન મીડિયા માટે આપી રહી છે. અરવિંદ કેજરીવાલના વકીલે કહ્યું કે તેમનું ફાસ્ટિંગ શુગર ૨૪૩ હતું. જે ઘણું વધારે છે. કેજરીવાલને ડોક્ટરે નક્કી કરેલું ભોજન જ આપવામાં આવે છે. બીજી તરફ ઈડીએ કોર્ટને જણાવ્યું કે અરવિંદ કેજરીવાલ ખાંડવાળી ચા જ પી રહ્યાં છે. જો કે હાલ ઈડીનો જવાબ સાંભળ્યા પછી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાની અરજી કોર્ટમાંથી પરત ખેંચી લીધી છે. કેજરીવાલના વકીલે કહ્યું કે તેઓ આ અરજીમાં ફેરફાર કરીને પછી ફરી કોર્ટમાં દાખલ કરશે.

### માલદિવ્સના રાષ્ટ્રપતિ મુઈજ્જુએ મોટો ભ્રષ્ટાચાર કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત સાથે વિવાદોમાં આવેલા ટાપુઓના દેશ માલદિવ્સમાં હાલ ભ્રષ્ટાચારને લઈને મોટો હોબાળો સામે આવ્યો છે. માલદિવ્સના વર્તમાન રાષ્ટ્રપતિ અને ચીનના લાડલા મોહમ્મદ મુઈજ્જુના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડતી એક રિપોર્ટ લીક થઈ ગઈ છે. જેને કારણે વિપક્ષે આ મુદ્દે મોહમ્મદ મુઈજ્જુને બરાબરના ઘેરી લીધા છે તેમજ દેશની જનતા પણ સવાલો ઉઠાવવા લાગી છે.સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર મોહમ્મદ મુઈજ્જુએ વર્ષ ૨૦૧૮થી આ ભ્રષ્ટાચાર કર્યો હતો, જેને પગલે હવે મુઈજ્જુના મહાભિયોગ એટલે કે પદ પરથી હટાવવાની કાર્યવાહી તેમજ ભ્રષ્ટાચારની તપાસની માગણી કરી છે. આ સમગ્ર વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે માલદિવ્સમાં રવિવારે મજલિસની ચૂંટણી યોજાવાની છે.હાલ મુઈજ્જુની સત્તાધારી પાર્ટી પીપલ્સ નેશનલ કોંગ્રેસ પીએનસી અને માલદિવિયન ડેમોક્રેટિક પાર્ટી એમડીપી બન્ને સામસામે આવી ગયા છે. વિપક્ષના નેતા હસન કુરુસી દ્વારા સોશિયલ મીડિયા સાઈટ એક્સ પર ભ્રષ્ટાચાર અંગેનો ગુપ્ત રિપોર્ટ લીક કરવામાં આવ્યો હતો. માલદિવ્સ મોનેટરી ઓથોરિટી અને ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે.

### તમામ હોસ્પિટલોને ઈજાગ્રસ્તોના લોહીના આલ્કોહોલના સ્તરનું મૂલ્યાંકન કરવા જણાવે

# દિવસ દરમિયાન દારૂ પીવો ગુનો નથી : મદ્રાસ હાઈકોર્ટની ટિપ્પણી

। (એજન્સી) નવીદિલ્લી, તા.૧૮ ।

મદ્રાસ હાઈકોર્ટે તાજેતરમાં જણાવ્યું હતું કે દિવસ દરમિયાન દારૂ પીવો એ ગુનો નથી અને મોટર અકસ્માતમાં સામેલ વ્યક્તિને તેના લોહીમાં આલ્કોહોલની ટકાવારીનું મૂલ્યાંકન કર્યા વિના દોષી ઠેરવી શકાય નહીં. ૧૬ એપ્રિલના રોજ પસાર કરાયેલા આદેશમાં, ન્યાયમૂર્તિ એન આનંદ વેંકટેશે તામિલનાડુના પેરામ્બલુર જિલ્લાના રહેવાસીને આપવામાં આવેલા વળતરમાં વધારો કર્યો હતો, જે ૨૦૧૬ માં માર્ગ અકસ્માતમાં સામેલ હતો. મદ્રાસ હાઈકોર્ટે



તામિલનાડુ સરકારને નિર્દેશ આપ્યો છે કે તે તમામ હોસ્પિટલોને અકસ્માતોમાં મૃતક/ઈજાગ્રસ્તોના લોહીના આલ્કોહોલના સ્તરનું મૂલ્યાંકન કરવા જણાવે, જેથી આવા કિસ્સાઓમાં દાવેદાર સામે બેદરકારી નક્કી કરી શકાય. જસ્ટિસ એન. આનંદ વેંકટેશે દાવેદારને રૂ. ૧.૫૩ લાખનું વળતર આપવાના આદેશમાં ફેરફાર કર્યો અને વળતરની રકમ વધારીને રૂ. ૩.૫૩ લાખ કરવાનો નિર્દેશ આપ્યો. વાસ્તવમાં, પેરામ્બલુરમાં મોટર એક્સિડન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલ એ હાલના કેસમાં અરજદાર રમેશને ૩ લાખથી વધુ વળતરનો આદેશ આપ્યો હતો, પરંતુ ટ્રિબ્યુનલે તેની સામે ૫૦ ટકા બેદરકારીનો આરોપ લગાવીને વળતરમાંથી પ્રમાણસર રકમ કાપી નાખી હતી. આ પછી દાવેદારે હાલની અરજી દાખલ કરી હતી. ન્યાયાધીશે કહ્યું કે અકસ્માત રજિસ્ટરમાં અને ડૉક્ટરના પુરાવામાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે દાવેદારને દારૂની ગંધ આવી હતી.

### ગોખલેને અગાઉ આ કેસના સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા હતા । તૃણમૂલ કોંગ્રેસના નેતા સાકેત ગોખલેના કેસની સુનાવણી દરમિયાન હાઇકોર્ટની ટકોર

# ક્રાઉડફંડિંગનું યોગ્ય રીતે નિયમન ન થાય તો અરાજકતા પેદા થઈ શકે : હાઇકોર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

તૃણમૂલ કોંગ્રેસના નેતા સાકેત ગોખલે દ્વારા ૨૦૨૨માં ક્રાઉડફંડિંગ દ્વારા ઊભા કરાયેલા નાણાંનો દુરૂપયોગ કરવાને મામલે થયેલા ફોજદારી કેસની સામે ગોખલેએ હાઈકોર્ટ સમક્ષ કરેલી રિટની સુનાવણી દરમિયાન જસ્ટિસ એચ. ડી.સુથારે એવી ટકોર કરી હતી કે,'ક્રાઉડફંડિંગનું યોગ્ય રીતે નિયમન ન થાય તો અરાજકતા પેદા થઈ શકે છે.' એ ઉપરાંત હાઈકોર્ટે અરજદારને એવો સવાલ પણ કર્યો હતો કે,'ક્રાઉડફંડિંગ માટે ભારતમાં કોઇ ચોક્કસ કાયદો છે?' આ કેસની વધુ સુનાવણી પહેલી મેના રોજ મુકરર કરવામાં આવી છે.

ગોખલેએ તેમની સામેનો કેસને રદ કરવાની અરજી હાઈકોર્ટ સમક્ષ કરી છે. જેમાં જસ્ટિસ સુથારે ટકોર કરી હતી કે,'ભારતમાં ક્રાઉડફંડિંગનો કન્સેપ્ટ અત્યંત નવો છે, ત્યારે શું ભારતમાં તેના માટે કોઈ નિયમન અથવા કાનૂની માન્યતા છે. શું ભારતમાં ક્રાઉડફંડિંગ માટે કોઈ ચોક્કસ નિયમ છે? ઘણા દેશોએ તેના પર પ્રતિબંધ મૂક્યો છે.' અરજદાર સાકેત ગોખલે દ્વારા ૨૦૨૨ માં અમદાવાદ પોલીસના સાયબર સેલ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ રદ કરવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. ગોખલેએ ક્રાઉડફંડિંગ અને રોકડ ટ્રાન્સફર દ્વારા એકત્ર કરેલા આશરે રૂ. ૧.૦૭ કરોડનો દુરૂપયોગ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ગોખલેને અગાઉ એપ્રિલ ૨૦૨૩માં આ કેસના સંબંધમાં સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા હતા. જોકે, હાઈકોર્ટ સમક્ષના કેસમાં ગોખલે તરફથી એડવોકેટ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે, અરજદારે નાણાંકીય ભંડોળ એકત્ર કરવામાં કોઈ છેતરપિંડી કરી નથી. તેમણે ત્રણ ઓનલાઈન ઝુંબેશ ચલાવી હતી અને તેને ટકાવી રાખવા માટે દાન માગ્યું હતું. એટલું જ નહીં, આ તમામ ઝુંબેશ ફોજદારી કેસની નોંધણીના પાંચ મહિના પહેલા સમાપ્ત થઈ ગઈ હતી. ફરિયાદીએ પોતે પણ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, તેમણે કેટલીક રકમ 'દાન' કરી છે. તે સિવાય જે રૂપિયા પ્રાપ્ત થયા છે એ તમામ નાણાં સ્વૈચ્છિક દાન દ્વારા હતા.'

**ન્યૂઝ બ્રિફ**

## સુરેન્દ્રનગરના ભાજપ ના ઉમેદવાર ઉમેદવારી ફોર્મમાં ફસાયા

। (એજન્સી) સુરેન્દ્રનગર,તા.૧૮ ।

તાજેતરમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભાજપ અને કોંગ્રેસ સહિત વિવિધ રાજકીય પક્ષો વચ્ચે જોરદાર જંગ જામી રહ્યો છે. ત્યારે વિવિધ બેઠકો પર ઉમેદવારો ફોર્મ ભરીને તેમનું નોમિનેશન કન્ફર્મ કરી રહ્યા છે. ત્યારે ઉમેદવારી ફોર્મ ભરતી વખતે જાહેર કરવામાં આવતી માહિતીમાં કેટલાક ઉમેદવારો વિવાદમાં આવી રહ્યા છે ત્યારે આવો એક મામલો સુરેન્દ્રનગરના ભાજપના ઉમેદવાર સાથે બનવા પ ામ્યો છે. મળતા અહેવાલ અનુસાર સુરેન્દ્રનગરમાં ભાજપના ઉમેદવારની ડિગ્રીમાં વિગતો અલગ અલગ જોવા મળી રહી છે. ભાજપના ઉમેદવારે ભરેલા ઉમેદવારી ફોર્મ ના બાયોડેટા માં અલગ અલગ ડિગ્રી દર્શાવ્યાનો આક્ષેપ સામે આવી રહ્યો છે. ભાજપ ના ઉમેદવાર ચંદુભાઈ શિહોરાએ તેમના બાયોડેટામાં તેમની ડિગ્રી બી.ઈ.સિવિલ એન્જિનિયર દર્શાવી હતી. જ્યારે ઉમેદવારી ફોર્મ ભરતી વખતે તેમણે રજૂ કરેલા સોગંદનામામાં

## મે મહિનાની અંતિમ તારીખોમાં થઈ શકે છે ચોમાસાની એન્ટ્રી

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

રાજ્યમાં ચોમાસાને લઈ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ દ્વારા આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં આગામી સમયમાં ચોમાસાનું વિધિવત આગમન થશે. રાજ્યમાં ૮ થી ૧૫ જૂન વચ્ચે ચોમાસાનું આગમન થશે. જ્યાં જૂનની શરૂઆતમાં અરબ સાગરમાં હલચલ દેખાશે. તેમજ દક્ષિણ ગુજરાતનાં ભાગોમાં સારો વરસાદ થશે. આ વર્ષના ચોમાસામાં જૂનાગઢ જિલ્લો તેમજ અમરેલી જીલ્લામાં પણ સારો વરસાદ થશે. બનાસકાંઠાનાં જીલ્લામાં પણ સારા એવા પ્રમાણમાં વરસાદ થશે. તેમજ કચ્છ જીલ્લાનાં ભાગોમાં સારો વરસાદ વરસશે. તેમજ ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં સારો વરસાદ થશે. ભારતીય હવામાન વિભાગ ના મહાનિર્દેશકના જણાવ્યા અનુસાર હાલમાં વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની મધ્યમ સ્થિતિ પ્રવર્તી રહી છે. પરંતુ સારી વાત એ છે કે તે સતત નબળી પડી રહી છે. એવો અંદાજ છે કે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં ચોમાસાના બીજા તબક્કામાં ત્યાં લા નીના સ્થિતિ ઊભી થઈ શકે છે.

### ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર ચેકિંગ વધારી દેવામાં આવ્યું

# બનાસકાંઠા અમીરગઢ ચેકપોસ્ટ પર થી ડ્રગ્સ સાથે ત્રણ શખ્સો ઝડપાયા

### ૧ કરોડ થી વધુની કિંમતના ડ્રગ્સ સાથે ઝડપાયેલા ત્રણેય લોકો જામનગરના હોવાનું સામે આવ્યું છે







। (એજન્સી) બનાસકાંઠા,તા.૧૮ ।

લોકસભા ચૂંટણીને લઈ ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લાની અમીરગઢ ચેકપોસ્ટ પર ચેકિંગ દરમ્યાન જામનગર પાસિંગની એક ક્રેટા કારમાંથી ૧ કિલો થી વધુ મેથાએમ્ફેટામાઈન નામનું ડ્રગ્સ ઝડપાતા ચકચાર મચી છે.

રૂ.૧ કરોડ થી વધુની કિંમતના ડ્રગ્સ સાથે ઝડપાયેલા ત્રણેય લોકો જામનગરના હોવાનું સામે આવ્યું છે. ડ્રગ્સનો આ જથ્થો કોને આપવાનો હતો તેને લઈ પોલીસ દ્વાર હાલ ત્રણેયની પૂછપરછ કરવામાં આવી રહી છે.

બનાસકાંઠા જિલ્લાની અન્ય રાજ્યને જોડતી ચેકપોસ્ટ પર ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં હાલ બે કાયમી ચેકપોસ્ટ ઉપરાંત ચાર હંગામી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે. અમીરગઢ ચેકપોસ્ટ પર પોલીસ ચેકિંગ કરી રહી હતી ત્યારે રાજસ્થાન તરફથી આવી રહેલી જામનગર પાસિંગ ની જી.જે.૧૦.ડી.જે.૩૪૪૮ નંબર ની ક્રેટા કારની તલાશી લેતા તેમાંથી ૧૦૭૨ ગ્રામ મેથાએમ્ફેટામાઈન (એમ.ડી) નામનું ડ્રગ્સ મળી આવ્યું હતું.

જામનગર પાસિંગની ક્રેટા કારમાંથી ડ્રગ્સ સાથે જે ત્રણ શખ્સો ઝડપાયેલા છે તેઓના નામ ઈસાક આરિફભાઈ બ્લોચ, ઓસમાણભાઈ સંધી અને અસલમ અબ્દુલસત્તાર દરજાદા આ ત્રણ શખ્સો જામનગરના રહેવાસી છે. પોલીસે આ મામલે આરોપીઓ વિરૂધ્ધ એન.ડી.પી.એસ એક્ટ ની કલમ ૮ (સી), ૨૧ (સી) અને ૨૯ મુજબ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ આ ડ્રગ્સનો જથ્થો કોને આપવાના હતા અને ક્યાંથી લાવવા આવ્યો હતો તે મામલે પૂછપરછ કરી તપાસ હાથ ધરવામાં આવી છે.






# વર્લ્ડ હેરિટેજ ડે નિમિત્તે અમદાવાદ ડિવિઝન પર પ્રદર્શનનું આયોજન

। અમદાવાદ, તા.૧૮ ।

વેસ્ટર્ન રેલ્વેના અમદાવાદ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજરની ઓફિસમાં ૧૮ એપ્રિલ ૨૦૨૪ ના રોજ વર્લ્ડ હેરિટેજ ડે નિમિત્તે પશ્ચિમ રેલ્વેના ભવ્ય ભૂતકાળની જૂની અને હેરિટેજ વસ્તુઓનું એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માના માર્ગદર્શન હેઠળ વરિષ્ઠ ડિવિઝનલ ઓપ રેશન્સ મેનેજર (S) શ્રી થંગાબાલન સ્વામીનાથન દ્વારા તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી લોકેશ કુમાર સહિત વિભાગના તમામ શાખા અધિકારીઓ અને કર્મચારીઓ ઉપ સ્થિત રહ્યા હતા. આ હેરિટેજ એક્ઝિબિશનમાં ભૂતકાળની અને હેરિટેજ મહત્વની ઘણી જૂની હેરિટેજ પ્રદર્શિત કરવામાં આવી હતી, જેમાં નેરોગેજ ટ્રેનનો ઈતિહાસ,લાકડાની દિવાલ ઘડિયાળ,અપ અને ડાઉન લાઈન બ્લોક સિસ્ટમ, ટ્રેઈલ લેમ્પ, દૂરબીન, ફોનિક્સ, સ્કેલ, પ્રેસિંગ મશીન, હેન્ડ સિગ્નલ, સીલ મશીનો, સ્ટેમ્પ, પુસ્તકો, જૂની ટિકિટ અને ટિકિટ મશીન, થર્મોમીટર, જૂના સ્ટેશનોના ફોટોગ્રાફસ, પ્રેશર ગેજ અને અન્ય ઘણી હેરિટેજ સામગ્રીઓ નિરીક્ષણ માટે મૂકવામાં આવી હતી.

આ પ્રદર્શન દ્વારા, અમે અમારા સમૃદ્ધ રેલવે વારસાને જાળવવાનો સંકલ્પ કર્યો છે અને અમને બધાને અમારા વારસાના મહત્વને સમજવાની અને તેના સંરક્ષણ વિશે સભાન બનાવવાની તક આપી છે.

### આધેડે પણ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર

## આધેડ પતિએ પત્નીનું ગ્રાઈન્ડર મશીન વડે ગળું કાપી હત્યા કરી

। અમદાવાદ, તા.૧૮ ।

વેસ્ટર્ન રેલ્વેના અમદાવાદ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજરની ઓફિસમાં ૧૮ એપ્રિલ ૨૦૨૪ ના રોજ વર્લ્ડ હેરિટેજ ડે નિમિત્તે પશ્ચિમ રેલ્વેના ભવ્ય ભૂતકાળની જૂની અને હેરિટેજ વસ્તુઓનું એક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી સુધીર કુમાર શર્માના માર્ગદર્શન હેઠળ વરિષ્ઠ ડિવિઝનલ ઓપ રેશન્સ મેનેજર (S) શ્રી થંગાબાલન સ્વામીનાથન દ્વારા તેનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી લોકેશ કુમાર સહિત વિભાગના તમામ શાખા અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ હેરિટેજ એક્ઝિબિશનમાં ભૂતકાળની અને હેરિટેજ મહત્વની ઘણી જૂની હેરિટેજ પ્રદર્શિત કરવામાં આવી હતી, જેમાં નેરોગેજ ટ્રેનનો ઈતિહાસ,લાકડાની દિવાલ ઘડિયાળ,અપ અને ડાઉન લાઈન બ્લોક સિસ્ટમ, ટ્રેઈલ લેમ્પ, દૂરબીન, ફોનિક્સ, સ્કેલ, પ્રેસિંગ મશીન, હેન્ડ સિગ્નલ, સીલ મશીનો, સ્ટેમ્પ, પુસ્તકો, જૂની ટિકિટ અને ટિકિટ મશીન, થર્મોમીટર, જૂના સ્ટેશનોના ફોટોગ્રાફસ, પ્રેશર ગેજ અને અન્ય ઘણી હેરિટેજ સામગ્રીઓ નિરીક્ષણ માટે મૂકવામાં આવી હતી. આ પ્રદર્શન દ્વારા, અમે અમારા સમૃદ્ધ રેલવે વારસાને જાળવવાનો સંકલ્પ કર્યો છે અને અમને બધાને અમારા વારસાના મહત્વને સમજવાની અને તેના સંરક્ષણ વિશે સભાન બનાવવાની તક આપી છે.

### સુરતમાં મોટા ભાઈની હત્યા કરી

# ખેતરમાં લાશ ફેંકી નાનો ભાઈ ઘરે જઈ શાંતિથી ઊંઘી ગયો

### ડિંડોલી-ચલથાણ કેનાલ રોડના ખેતરમાંથી યુવકની હત્યા કરાયેલી લાશનો ભેદ ઉકેલાયો

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

પોલીસના કહેવા પ્રમાણે ડિંડોલી મધુરમ સર્કલથી ચલથાણ તરફ જતા કેનાલ રોડ પરના ખેતર કિનારે એક યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. યુવકના ગળા તથા ચહેરાની આસપાસ તથા છાતીના ભાગે તિક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા મારવામાં આવ્યા હતા. મૃત યુવકના હાથમાં ભગવાન બુદ્ધનું ટેટુ ચિતરાવેલું હતું. તેના આધારે પોલીસે ઉધના અને પાંડેસરામાં બૌદ્ધ સમાજના લોકોનો સંપર્ક સાધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન એવી વિગત બહાર આવી હતી કે, મૃત યુવક વેસુના સુડા આવાસમાં રહેતો હતો. પોલીસે વેસુ સુડા આવાસમાં બચ્છાવ પરિવારનો સંપર્ક કર્યો હતો. મૃતકની ઓળખ ગોવિંદા ઉર્ફે ગોવિંદ (ઉ.વ. ૩૦) તરીકે થઈ હતી. મૃતકની માતાએ કહ્યું કે, તેનો દીકરો છેલ્લે નાના દીકરા સાથે ગયો હતો. ત્યારપછીથી તે ગાયબ હતો. એટલે પોલીસે મૃત યુવક ગોવિંદના સગીર વયના નાના ભાઈની પૂછપરછ કરી હતી.

પોલીસે થોડી કડકાઈ દાખવતા તે ભાંગી પડ્યો હતો અને ગોવિંદાની હત્યા પોતે પિતરાઈ ભાઈ સાથે મળી કરી હોવાની કબૂલાત કરી હતી. હત્યારા નાના ભાઈએ પોલીસને કહ્યું કે, મોટો ભાઈ ગોવિંદ ઝઘડાળુ સ્વભાવનો હતો. આવા સ્વભાવના લીધે તેની પત્ની તેને છોડીને જતી રહી હતી. તે માતાને પણ સતત મારતો હતો. બનાવના આગલા દિવસે મોટા ભાઈએ માતાને મારી હતી. માતાએ ફોન કરી રડતા રડતાં ફરિયાદ કરી હતી. એટલે આવેશમાં આવી સગીર નાના ભાઈએ મોટા ભાઈની હત્યાનો પ્લાન બનાવ્યો હતો. હત્યાનો પ્લાન બનાવ્યા બાદ નાનો ભાઈ કડોદરા રહેતી બહેન પાસે જવું છે એમ કહી પિતરાઈ ભાઈ સાથે મોટાભાઈને બાઈક પર બેસાડી લઈ ગયો હતો. રાત્રે સાડા બાર વાગ્યાના અરસામાં ડિંડોલી પાસે બાઈક ઉભી રાખી માતાને કેમ મારે છે? એમ કહી તિક્ષ્ણ હથિયારના ઉપરાછાપરી ઘા મોટા ભાઈને મારી તેની હત્યા કરી હતી. મોટા ભાઈની હત્યા કર્યા બાદ જાણે કશું બન્યું જ નથી એમ તે ઘરે આવી ગયો હતો.

## સાળીના પ્રેમમાં પડતા પત્નીને ઘરમાંથી કાઢી મુકી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

અમદાવાદમાં રહેતી એક પરિણીતાને સાળીને ઘરે બોલાવવાનું ભારે પડ્યું હતું. પરિણીતાને ગર્ભ રહેતા તેણે ઘરકામ માટે તેની બહેનને બોલાવી હતી. જેમાં પતિને સાલી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. પતિએ પત્ની પાસે છુટાછેડા માંગીને તેને ઘરમાંથી કાઢી મુકી હતી. જેને પગલે મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ બનાવની વિગત મુજબ મણીનગરમાં રહેતી ૩૦ વર્ષીય યુવતીના લગ્ન ઓઢવ ખાતે રહેતા યુવક સાથે થયા હતા. લગ્નના ચારેક મહિનામાં જ સાસુ સસરાએ દહેજ માટે પરિણીતાને ત્રાસ પવાનું સરૂ કર્યું હતું. પતિ વર્તન વ્યવહારમાં બદલાઈ ગયો હતો અને પત્નીને ત્રાસ આપવા લાગ્યો હતો. પરિણીતાને ગર્ભ રહેતા તેણે તેની નાની બહેનને ઘરકામ માટે બોલાવી હતી. સાળી આવતા જ તેણે પત્ની સાથે વાતો કરવાનું ઓછુ કરી નાંખ્યું હતું અને સાળી સાથે વધુ સમય વીતાવતો હતો.

# પોસ્ટલ બેલેટ માટેના ફોર્મ-૧૨ નું આદાન-પ્રદાન કરવા અમદાવાદ ખાતે યોજાયો પ્રથમ એક્ષચેન્જ મેળો

### ચૂંટણી ફરજમાં રોકાયેલા કર્મચારીઓ પોસ્ટલ બેલેટ દ્વારા તેમના ફરજ પરના સ્થળે મતદાન કરી શકે તે માટેની સુચારુ વ્યવસ્થા કરવામાં આવશે: મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી







। અમદાવાદ, તા.૧૮ ।

ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તે માટે તેમના દ્વારા રજૂ થયેલા ફોર્મ-૧૨ નું આદાન-પ્રદાન કરવા માટે આજે રાજ્ય કક્ષાના પ્રથમ એક્ષચેન્જ મેળાનું અમદાવાદના પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઑડિટોરીયમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

પોતાના અથાક પ્રયત્નો, પ્રતિબદ્ધતા, સમર્પણ અને સખત મહેનત થકી મુક્ત, ન્યાયી, નિષ્પક્ષ અને પારદર્શી ચૂંટણીઓ સંપન્ન કરવામાં જેમનું પાયાનું યોગદાન છે એવા ચૂંટણી ફરજ પર રોકાયેલા કર્મનિષ્ઠ કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તેમને પોસ્ટલ બેલેટથી મતદાનની સુવિધા આપવામાં આવે છે. આવા કર્મચારીઓ દ્વારા ભરવામાં આવેલા ફોર્મ-૧૨ ના આદાન-પ્રદાન માટે યોજાયેલા આ ઍક્ષચેન્જ મેળામાં રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ ઉપસ્થિત રહી કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું અને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, ભારતના ચૂંટણી પંચની નવી ગાઈડલાઈન અનુસાર લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની પ્રક્રિયામાં ફરજ પર નિયુક્ત કરવામાં આવેલા અધિકારીઓ અને કર્મચારીશ્રીઓ પોસ્ટલ બેલેટ પેપર મારફતે પોતાની ફરજ સ્થળ પરથી મતદાન કરી શકે તે માટેની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

મુખ્ય નિર્વાચન અધિકારીએ કહ્યું હતું કે, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે યોજાયેલા રાજ્યકક્ષાના પ્રથમ એક્ષચેન્જ મેળાની કામગીરીમાં દરેક જિલ્લાના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ સારો સહયોગ આપ્યો છે અને આ પ્રકારની વ્યવસ્થાથી ચૂંટણી ફરજમાં રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ સરળતાથી મતદાન કરી શકશે, જેનાથી મતદાનમાં વધારો થશે.

રાજ્યકક્ષાના પ્રથમ ઍક્ષચેન્જ મેળાનો હેતુ લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ તથા વિધાનસભાની પેટાચૂંટણીની પ્રક્રિયામાં ફરજ પર નિયુક્ત કરવામાં આવેલા કર્મચારીઓ બેલેટ પેપર મારફતે મતદાન કરી શકે તે માટે તેમના દ્વારા ભરવામાં આવેલા ફોર્મ ૧૨ વિવિધ જિલ્લામાંથી મેળવી આવા કર્મચારીઓ જે સંસદીય મતવિસ્તારમાં મતદાર તરીકે નોંધાયેલા છે, તે સંસદીય મતવિસ્તારના ચૂંટણી અધિકારીને સુપ્રત કરવા માટેનો હતો. આ મેળામાં તમામ ૩૩ જિલ્લાના પોસ્ટલ નોડલ અધિકારીઓ દ્વારા પોસ્ટલ બેલેટ માટે ભરવામાં આવેલા કુલ ૨.૯૪ લાખથી વધુ ફોર્મ-૧૨ રાજ્યના ૨૬ લોકસભા મતવિસ્તારના ચૂંટણી અધિકારીઓને સોંપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમગ્ર પ્રક્રિયા સુચારૂરૂપે સંપન્ન થાય તે માટે સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી એ. બી. પટેલે ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું.

### કાર્ગો જહાજ MSC Aries પર સવાર ભારતીય ક્રૂનો ભાગ હતી

# જહાજમાં સવાર ભારતીય મહિલા ઈરાનની ચુંગાલમાંથી મુક્ત થઈ પહોંચી કેરળ

## ઈઝરાયલ સાથેના કાર્ગો જહાજના ૧૭ ભારતીય ક્રૂ મેમ્બરમાંથી એકમાત્ર મહિલાને ગુરુવારે મુક્ત કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ઈરાન દ્વારા જપ્ત કરાયેલા ઈઝરાયલ સાથેના કાર્ગો જહાજના ૧૭ ભારતીય ક્રૂ મેમ્બરમાંથી એકમાત્ર મહિલાને ગુરુવારે મુક્ત કરવામાં આવી હતી. વિદેશ મંત્રાલયે આ જાણકારી આપી. તેમણે કહ્યું કે કેરળના ત્રિસુરની રહેવાસી કેડેટ એન ટેસા જોસેફ, જે કાર્ગો જહાજ MSC Aries પર સવાર ભારતીય ક્રૂનો ભાગ હતી, તે કોચીન પહોંચી ગઈ છે. વધુમાં, ઈરાનમાં ભારતીય દૂતાવાસ બાકીના ૧૬ ભારતીય કર્મચારીઓના સંપર્કમાં છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ભારતીય દૂતાવાસે "ઈરાની અધિકારીઓના સમર્થન"થી જોસેફની ભારત પરત ફરવાનું સુરક્ષિત કર્યું છે. તેમણે કહ્યું કે દૂતાવાસ બાકીના ૧૬ ભારતીય ક્રૂ સભ્યોની સુખાકારી સુનિશ્ચિત કરવા માટે ઈરાની પક્ષના સંપર્કમાં છે. જયસ્વાલે પ્રાદેશિક પાસપોર્ટ અધિકારી દ્વારા કોચીન એરપોર્ટ પર જોસેફના સ્વાગતની તસવીર પોસ્ટ કરી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું કે તેહરાનમાં ભારતીય મિશન MSC મેષના બાકીના ક્રૂ સભ્યોની સુખાકારી માટે ઈરાની અધિકારીઓના સંપર્કમાં છે. નોંધનીય છે કે ઈરાન દ્વારા ખાડી ક્ષેત્રમાં



જપ્ત કરવામાં આવેલા ઈઝરાયેલના માલવાહક જહાજમાં સવાર ૧૭ ભારતીયોમાં કેરળની એક મહિલા પણ હતી. ૧૭ ભારતીય કન્ટેનર જહાજ MSC Aries ના ૨૫ સભ્યોના ક્રૂનો ભાગ હતા, જેને ૧૩ એપ્રિલના રોજ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) ના સ્પેશિયલ ફોર્સ યુનિટ દ્વારા જપ્ત કરવામાં આવ્યું હતું. ઈરાનના વિદેશ મંત્રાલયે આ અઠવાડિયે કહ્યું હતું કે કાર્ગો જહાજને દરિયાઈ કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ જપ્ત કરવામાં આવ્યું છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તેહરાનમાં ભારતીય દૂતાવાસ આ બાબતથી વાકેફ છે અને બાકીના ૧૬ ભારતીય ક્રૂ સભ્યોના સંપર્કમાં છે. તેઓ બધાની તબિયત સારી છે અને તેઓ ભારતમાં તેમના પરિવારના સભ્યોના સંપર્કમાં છે. વિદેશ મંત્રી એસ જયશંકરે ૧૪ એપ્રિલે ફોન પર વાતચીત દરમિયાન તેમના ઈરાની સમકક્ષ હોસૈન અમીર-અબ્દોલ્લાહિયન સાથે ભારતીય ખલાસીઓની મુક્તિનો મુદ્દો ઉઠાવ્યો હતો. જયશંકરે ક્રૂ મેમ્બર્સ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ઈરાન પાસેથી મદદની વિનંતી કરી હતી. આ પછી ઈરાનના મંત્રી અમીર-અબ્દુલ્લાહિયાને તે સમયે કહ્યું હતું કે ભારતીય અધિકારીઓને ભારતીય ક્રૂ મેમ્બર્સને મળવાની મંજૂરી આપવામાં આવશે.

**ન્યૂઝ બ્રિફ**

## ઈન્ડોનેશિયામાં ફરી એક વખત રૂઆંગ જ્વાળામુખી એક્ટિવ



। (એજન્સી) જાકાર્તા ,તા.૧૮ ।

ઈન્ડોનેશિયામાં ફરી એક વખત રૂઆંગ જ્વાળામુખી એક્ટિવ થઈ રહ્યો છે. દેશના ઉત્તરના સુલાવેસી પ્રાંતમાં રૂઆંગ જ્વાળામુખીમાં થઈ રહેલા વિસ્ફોટને લીધે ૮૦૦ લોકોને સલામત સ્થાને પહોંચાડવામાં આવ્યા છે. છેલ્લા કેટલાએ દિવસોથી આ જ્વાળામુખીમાંથી લાવા વહી રહ્યો છે. સાથે રાખ પણ ઉડતા આકાશમાં રાખનાં વાદળ છવાઈ ગયા છે. પ્રાંતીય મુખ્ય શહેર માનદોથી આશરે ૧૦૦ કી.મી. (૬૨ માઈલ) દૂર આવેલા રૂઆંગ દ્વિપ સ્થિત આ જ્વાળામુખી મંગળવારથી હજી સુધીમાં ત્રણથી વધુ વખત ફાટયો છે. એક અધિકારી હેરૂનિંગત્યાસ દેશી પૂર્ણ માસરીએ પત્રકારોને જણાવ્યું હતું કે જ્વાળામુખીની વધી રહેલી કાર્યવાહીને લક્ષ્યમાં રાખી ચેતવણીનું સ્તર વધારી દેવાયું છે. આ વિસ્ફોટનું કારણ કહેતા તેમણે જણાવ્યું હતું કે તાજેતરમાં થયેલા ભુકંપોને લીધે આ જ્વાળામુખી ફાટયો હોવાનું અનુમાન છે. આથી આકાશમાં ૧.૮ કિ.મી. (૧.૧ માઈલ) સુધી ખતરનાક અને ગર્મ વાદળ છવાયેલા દેખાતા હતા અને લોકોને નિકટતમ દ્વિપ ટૈગુલાન ડાંગમાં ફેરવ્યા છે. ઉલ્લેખનીય તે છે કે પેસિફિકની 'રિંગ ઓફ ફાયર'નો એક કાંટો ઈન્ડોનેશિયા તરફ પણ ફેલાયેલો છે.

## કેનેડામાં હવે મુસ્લિમોને હલાલ લોન મળશે



। (એજન્સી) કેનેડા,તા.૧૮ ।

ટ્રૂડો સરકારે બજેટમાં હલાલ મોર્ગેજ એટલે કે હલાલ લોન શરૂ કરવાની જાહેરાત કરી છે. જેની પાછળનો આશય કેનેડાના મુસ્લિમ સમુદાય પર વિશેષ ધ્યાન આપવાનો છે. સાથે સાથે સરકારે બજેટમાં વિદેશીઓ માટે દેશમાં જમીન ખરીદવા પર બે વર્ષનો પ્રતિબંધ મુકવાની પણ જાહેરાત કરી છે. સરકારના હલાલ મોર્ગેજના નિર્ણયની કેનેડામાં ચર્ચા છે.હલાલ મોર્ગેજ ઈસ્લામિક પરંપરાનો ભાગ છે. જેમાં વ્યાજ વસૂલવા પર પ્રતિબંધ હોય છે. કારણકે યહૂદી અને મુસ્લિમ ધર્મમાં વ્યાજખોરીને પાપ માનવામાં આવે છે. ઈસ્લામિક નાણાકીય સંસ્થાઓ લોન પર વ્યાજ નથી લેતી અને ગેરંટી તરીકે પ્રોપર્ટી મોર્ગેજ કરાવે છે. આ રીતે લેવાયેલી લોન હલાલ મોર્ગેજ તરીકે ઓળખાય છે. આ લોન લેનાર વ્યક્તિ લોન ચૂકવે તે પછી પોતાની ગીરવે મુકેલી પ્રોપર્ટી પાછી મેળવી શકે છે. હાલમાં કેનેડામાં કાર્યરત પાંચ મોટી બેંક્રો પૈકી એક પણ હલાલ લોન આપ તી નથી. ટ્રૂડો સરકારે હવે હલાલ મોર્ગેજની બજેટમાં જાહેરાત કરી છે.

### આ કેસની આગામી સુનાવણી ૭ જુલાઈ પછી હાથ ધરાશે

# મોબ લિંચિંગ કેસમાં સિલેક્ટિવ થવાની જરૂર નથી : સુપ્રીમ કોર્ટ

## કન્હૈયાલાલની હત્યાને તમે શું કહેશો? લઘુમતીઓ પર અત્યાચાર અંગેની અરજી પર સુપ્રીમ કોર્ટનો સવાલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

મોબ લિંચિંગનો ભોગ બનેલા લઘુમતી પરિવારોને સહાય પૂરી પાડવા અને ગૌ રક્ષકો વિરુદ્ધ કાર્યવાહી અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે મંગળવારે અરજદારોને ફટકાર લગાવતા કહ્યું હતું કે તમે કોઈ ચોક્કસ રાજ્ય કે સંપ્રદાય પ્રત્યે સિલેક્ટિવના થઈ શકો. અરજદાર વકીલોએ સુપ્રીમ કોર્ટ પાસે માંગ કરી હતી કે મોબ લિંચિંગનો ભોગ બનેલા લઘુમતીઓને તાત્કાલિક ધોરણે આર્થિક સહાય આપવામાં આવે



અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. જસ્ટિસ બીઆર ગવઈ, જસ્ટિસ અરવિંદ કુમાર અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે આ અંગે સુનાવણી કરતાં અરજદાર વકીલો સામે સવાલ કર્યો હતો કે ઉદયપુરમાં ધોળા દિવસે માર્યા ગયેલા દરજી કન્હૈયા લાલના કિસ્સામાં તમારું શું કહેવું છે. કોર્ટે આ કેસને ઉનાળાની રજાઓ સુધી મુલતવી રાખ્યો છે. હવે આ કેસની સુનાવણી ૭ જુલાઈ પછી થશે. કોર્ટે વકીલોને ઠપકો આપતા કહ્યું હતું કે આ મામલે સિલેક્ટિવ બનવાની જરૂર નથી. સુપ્રીમ કોર્ટે અરજદારો વતી હાજર રહેલા વકીલ નિઝામ પાશાને પૂછ્યું હતું કે રાજસ્થાનના દરજી કન્હૈયા લાલ જેનું લિંચિંગ કરવામાં આવ્યું હતું તેનું શું થયું હતું. તેમણે કહ્યું કે તમે કોઈ ચોક્કસ રાજ્ય અથવા ધર્મ વિશે સિલેક્ટિવ ના થઈ શકો.

### ચીનને પાછળ છોડવા તથા રશિયન શસ્ત્રો પર નિર્ભરતા ઘટાડવા ભારત સજ્જ

# ભારત સતત તેની સેનાને આધુનિક અને મજબૂત બનાવી રહ્યું છે : US

## અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ળાન્સ અને જાપાન સાથે તેના સહયોગને ભારતે વધુ મજબૂત બનાવ્યો છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।

યુએસ ડિફેન્સ મિનિસ્ટ્રીના ટોપ ઈન્ટેલિજન્સ ઓફિસરે અમેરિકન સંસદમાં જણાવ્યું છે કે ભારતીય સેના સતત પોતાની તાકાત વધારી રહી છે. ચીનને પાછળ રાખવા અને રશિયન સાધનો પરની નિર્ભરતા ઘટાડવા માટે ભારત સતત પોતાની સેનાને આધુનિક બનાવી રહ્યું છે. અમેરિકામાં ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સીના ડાયરેક્ટર લેફ્ટનન્ટ જનરલ જેફરી ક્રુસે ચીનનો સામનો કરવા સંસદમાં ચાલી રહેલી બેઠક દરમિયાન આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ગૃહની સશસ્ત્ર



સેવા સમિતિ અને ઈન્ટેલિજન્સ સબકમિટીના સભ્યોને જણાવ્યું હતું કે ભારતે ગયા વર્ષે જી-૨૦ આર્થિક સમિટની યજમાની કરીને વૈશ્વિક નેતા તરીકે પોતાને દર્શાવ્યું હતું અને સાથે જ પીપલ્સ રિપબ્લિક ઑફ ચાઈનાની ગતિવિધિઓને નાથવા માટે પોતાને સક્ષમ સાબિત કર્યુ છે. તેમણે કહ્યું છે કે ભારતે પ્રશિક્ષણ અને સંરક્ષણ વેચાણ દ્વારા ફિલિપાઈન્સ જેવા પ્રાદેશિક દક્ષિણ ચીન સાગરના દાવેદારો સાથે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં અદ્યતન ભાગીદારી કરી છે. અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ળાન્સ અને જાપાન સાથે તેના સહયોગને વધુ મજબૂત બનાવ્યો છે. ક્રુસે વધુમાં કહ્યું હતુ કે ૨૦૨૩ માં, ભારતે ચીન સાથે સ્પર્ધા કરવા અને રશિયન ઉપકરણો પર તેની નિર્ભરતા ઘટાડવા માટે તેના સૈન્યને અત્યાધુનિક બનાવવા માટે ઘણા પગલાં લીધાં છે. ભારતે સ્વદેશી એરક્રાફ્ટ કેરિયરનું દરિયાઈ પરીક્ષણ કર્યું હતું.



યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલમાં ભારતને કાયમી સીટ મેળવવા માટે એલોન મસ્કના આહવાને પગલે યુ.એસ.એ સમગ્ર યુએન અને તેની એજન્સીમાં તાત્કાલિક સુધારાની જરૂરિયાત તરફ પોતાનો ટોકો લંબાવ્યો હતો.

**અમેરિકાએ પણ કર્યો મજબૂત ટેકો**

## ઈલોન મસ્કે ભારતને UNSCમાં કાયમી સભ્યપદ આપવાની માગ



। નવીદિલ્હી,તા.૧૮ ।

ટેસ્લાના CEO ઈલોન મસ્કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતને કાયમી સભ્યપદ આપવાની માગ કરી છે. તેમના આ નિવેદન પર અમેરિકાએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. અમેરિકા વિદેશ વિભાગના પ્રવક્તા વેદાંત પટેલે બુધવારે કહ્યું કે અમેરિકાએ યુએનએસસી સહિત સંયુક્ત રાષ્ટ્રની બીજી સંસ્થાઓમાં સુધારાની રજૂઆત કરી છે. પટેલે કહ્યું, રાષ્ટ્રપતિએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પોતાની ટિપ્પણીમાં પહેલા પણ આ વિશે વાત કરી છે. સચિવે પણ આ વિશે જણાવ્યું છે. અમે ચોક્કસપણે સુરક્ષા પરિષદ સહિત સંયુક્ત રાષ્ટ્રની અન્ય સંસ્થાઓમાં સુધારાનું સમર્થન કરીએ છીએ. આવુ કરીને અમે ૨૧મી સદીની દુનિયાને પ્રતિબિંબિત કરી શકીએ છીએ. જાન્યુઆરીમાં ઈલોન મસ્કે કહ્યું હતું કે જે દેશોની પાસે જરૂરિયાતથી વધુ શક્તિ છે, તે તેને છોડવા માંગતા નથી. સમસ્યા એ છે કે જેની પાસે વધુ શક્તિ છે તે તેને છોડવા ઈચ્છતા નથી. ભારતની પાસે કાયમી સભ્યપદ નથી જ્યારે પૃથ્વી પર સૌથી વધુ વસતી ધરાવતો દેશ છે. આફ્રિકાને પણ સામૂહિક રીતે એક કાયમી સભ્યપદ મળવું જોઈએ. ભારત લાંબા સમયથી વિકાસશીલ વિશ્વના હિતોનું શ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કરવા માટે સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદની માગ કરી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં હાલ ૧૫ દેશ છે. જેમાં વીટો શક્તિ પાંચ કાયમી સભ્ય છે. બે વર્ષના કાર્યકાળ માટે પસંદ કરવામાં આવેલા ૧૦ અસ્થાયી સભ્ય દેશ પણ સામેલ છે. યુએનએસસીના પાંચ સ્થાયી સભ્યોમાં ચીન, યુનાઈટેડ કિંગડમ, ફ્રાંસ, રશિયા અને સંયુક્ત રાજ્ય અમેરિકા સામેલ છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના બિન-સ્થાયી સભ્યોએ યુએનજીએ દ્વારા ૨ વર્ષના કાર્યકાળ માટે પસંદ કરવામાં આવે છે. લોકસભા ચૂંટણીના પહેલા તબક્કા પહેલા ભાજપે પોતાના ચૂંટણી ઢંઢેરામાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં દેશ માટે કાયમી સભ્યપદ પ્રાપ્ત કરવાના સોગંધ ખાધા છે. ૧૪ એપ્રિલે જારી ચૂંટણી ઢંઢેરામાં ભાજપે કહ્યું, અમે વૈશ્વિક નિર્ણય લેવામાં ભારતની સ્થિતિને ઉપર ઉઠાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. આ પહેલા જાન્યુઆરીમાં વિદેશ મંત્રી એસ. જયશંકરે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી સભ્યપદ માટે વધતા વૈશ્વિક સમર્થન પર જોર આપ્યું હતું અને કહ્યું હતું કે ક્યારેક વસ્તુઓ ઉદારતાથી આપવામાં આવી નથી. તેના પર કબ્જો કરવો પડે છે.

### એરલાઈન આગામી થોડા દિવસોમાં અસરગ્રસ્ત

# દુબઈમાં ભારે વરસાદને પગલે ભારત અને યુએઈ વચ્ચે ૩૦થી વધુ ફ્લાઈટ્સ રદ થઈ

। (એજન્સી) નવીદિલ્લી ,તા.૧૮ ।

UAEમાં ભારે વરસાદને કારણે મંગળવાર અને બુધવારે એમ બે દિવસ ભારત અને દુબઈ વચ્ચે ચાલતી ૩૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. તેમાં એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ, ઈન્ડિગો, અમીરાત(એમિરેટ્સ) અને સ્પાઈસ જેટ એરલાઈન્સની ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. ગલ્ફ દેશોમાં ભારે વરસાદને કારણે જન જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. એર ઈન્ડિયાના પ્રવક્તાએ કહ્યું કે એરલાઈન આગામી થોડા દિવસોમાં અસરગ્રસ્ત મુસાફરોને અન્ય ફ્લાઈટ્સમાં સમાવી લેવા અને શક્ય તેટલી વહેલી તકે તેમના ગંતવ્ય સ્થાને પહોંચવાનો પ્રયાસ કરી રહી છે. ઉપરાંત, એરલાઈન ૧૬ અને ૧૭ એપ્રિલ માટે માન્ય ટિકિટ ધરાવનારા મુસાફરોને વન-ટાઈમ ચેન્જ ડેટ ફ્લેક્સિબિલિટી પ્રદાન કરી રહી છે જેથી તેઓ ટિકિટની માન્યતા અવધિમાં ભવિષ્યની તારીખો પર તેમની ફ્લાઈટ્સ ફરીથી શેડ્યૂલ કરી શકે. એરલાઈન નાગરિકોને ફૂલ રિફંડ અને રિશેડ્યુલિંગનો વિકલ્પ આપે છે.

### સ્કૂલ મેનેજમેન્ટ સામે ફરિયાદ દાખલ કરાઈ

# હનુમાન દીક્ષા પહેરેલા વિદ્યાર્થીને ક્લાસ રૂમમાં પ્રવેશતા અટકાવ્યા

। (એજન્સી) તેલંગાણા, તા.૧૮ ।

તેલંગાણાના મંચેરિયલ જિલ્લાના દાંડેપલ્લી મંડળની કન્નેપલ્લી ગ્રામ પંચાયત હેઠળની મધર ટેરેસા સ્કૂલમાં શિક્ષકોએ હનુમાન દીક્ષા પહેરેલા વિદ્યાર્થીને વર્ગખંડમાં પ્રવેશતા અટકાવ્યા. આ પછી, ઘણા વાલીઓ અને ભક્તો એકઠા થયા અને સ્કૂલ મેનેજમેન્ટ સામે વિરોધ શરૂ કર્યો. તેલંગાણાના મંચેરિયલ જિલ્લાના દાંડેપ લ્લી મંડળની કન્નેપલ્લી ગ્રામ પંચાયત હેઠળની મધર ટેરેસા સ્કૂલમાં શિક્ષકોએ



હનુમાન દીક્ષા પહેરેલા વિદ્યાથીને વર્ગખંડમાં પ્રવેશતા અટકાવ્યા. આ પછી, ઘણા વાલીઓ અને ભક્તો એકઠા થયા અને સ્કૂલ મેનેજમેન્ટનો વિરોધ શરૂ કર્યો. પ્રતિબંધિત કરવા માટે શાળા મેનેજમેન્ટ સામે કાર્યવાહીની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું.

# ISI પર પાક.ના એક નાગરિકે પોતાના ઘરમાં ઘૂસીને લૂંટ ચલાવવાનો આરોપ

। (એજન્સી) પાકિસ્તાન,તા.૧૮ ।

ISI પર પાકિસ્તાનના એક નાગરિકે પોતાના ઘરમાં ઘૂસીને લૂંટ ચલાવવાનો આરોપ મૂક્યો છે. જેના પગલે કોર્ટે આપેલા આદેશ બાદ પાકિસ્તાની સેનાએ તત્કાલિન ISI ચીફ જનરલ ફૈઝ હમીદની સામે તપાસ શરુ કરી છે. ફૈઝ હમીદ સામે એક મેજર જનરલની અધ્યક્ષતામાં બનેલી કમિટી તપાસ કરશે. જનરલ હમીદે ૨૦૨૨માં નિવૃત્ત થવાની જગ્યાએ કેટલાક મહિનાઓ પહેલા જ ISI ડાયરેકટરના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ હતુ. જનરલ હમીદનુ નામ ફૈઝાબાદ ધરણા સહિતના




વિવાદોમાં ઉછળ્યુ હતુ. પાકિસ્તાનના ત્રણ વખત વડાપ્રધાન રહી ચુકેલા નવાઝ શરીફે સુપ્રીમ કોર્ટને કહ્યુ હતુ કે, મને સત્તા પરથી હટાવવામાં પૂર્વ સેના પ્રમુખ જનરલ બાજવા તેમજ ISI ચીફ જનરલ હમીદની મુખ્ય ભૂમિકા હતી. જોકે જનરલ હમીદની મુશ્કેલી વધવાનુ કારણ પાકિસ્તાનની એક હાઉસિંગ સોસાયટીના માલિક મોઈઝ અહેમદ ખાને સુપ્રીમ કોર્ટમાં કરેલી પિ ટિશન છે. તેમણે સુપ્રીમ કોર્ટને જણાવ્યુ હતુ કે,'ISIના અધિકારીઓએ ૧૨ મે, ૨૦૧૭ના દિવસે જનરલ હમીદના ઈશારે મારા ઘર અને ઓફિસમાં ગેરકાયદેસર રીતે દરોડો પાડ્યો હતો. અધિકારીઓએ ઘરમાંથી કિંમતી વસ્તુઓ, સોનુ, રોકડ રકમ અને ડાયમન્ડસની લૂંટ ચલાવી હતી. કેસની પતાવટ માટે જનરલ હમીદના ભાઈએ મારો સંપર્ક કર્યો હતો. પાછળથી જનરલ હમીદે જ મારી સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરીને આશ્વાસન આપ્યુ હતુ કે, દરોડા દરમિયાન જપ્ત કરાયેલી કેટલીક વસ્તુઓ પાછી મળશે પણ ૪૦૦ તોલા સોનુ અને રોકડ રકમ પરત નહીં મળે.' આ અરજીની સુનાવણી પાકિસ્તાની સુપ્રીમ કોર્ટે કરી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સહિતના ત્રણ જજોની બેન્ચે કહ્યુ હતુ કે, આ એક ગંભીર મામલો છે. પિટિશન કરનારના આરોપથી ISIની ઈમેજને પણ ફટકો પડી શકે તેમ છે અને એટલે આ આક્ષેપોને નજર અંદાજ કરી શકાય નહીં.સુપ્રીમ કોર્ટની ટિપ્પણી બાદ સેનાએ જનરલ હમીદ સામે તપાસના આદેશ આપ્યા છે.

## તંત્રી લેખ...

# પશ્ચિમ બંગાળમાં રામનવમી શોભાયાત્રા પર પથ્થર મારો

પશ્ચિમ બંગાળના મુર્શીદાબાદમાં બુધવારે રામનવમીની શોભાયાત્રામાં બબાલ થઈ. ઘર્ષણમાં અનેક લોકો ઘાયલ થયા છે. આ ઘટના બુધવારે સાંજે શક્તિપુર વિસ્તારમાં ઘટી. એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે જેમાં જોવા મળે છે કે રામનવમી પર નિકળેલી શોભાયાત્રા પર કેટલાક લોકો પોતાના ધાબેથી પથ્થરો ફેંકી રહ્યા છે. હિંસક ઘટનાને પગલે તણાવ સર્જાતા ભીડને વેર વિખર કરવા માટે પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો અને ટીયર ગેસના સેલ પણ છોડ્યા. પોલીસે કહ્યું કે સ્થિતિ હાલ કાબૂમાં છે અને વિસ્તારમાં વધારાની ફોર્સ મોકલવામાં આવી છે. ઘાયલોને બહરામપુરના મુર્શીદાબાદ મેડિકલ કોલેજ અને હોસ્પિટલ લઈ જવાયા છે. પ્રદેશ ભાજપે આરોપ લગાવ્યો કે રેલી પર પથ્થરમારો થયો અને દુકાનોમાં તોડફોડ કરવામાં આવી. પશ્ચિમ બંગાળમાં વિપક્ષના નેતા સુવેન્દુ ચૌધરીએ કહ્યું કે રામનવમી પર શોભાયાત્રા કાઢવા માટે પ્રશાસન પાસેથી મંજૂરી લેવામાં આવી હતી પણ શક્તિપુલ બેલડાંગા-૨ બ્લોક, મુર્શીદાબાદમાં ઉપદ્રવીઓએ શોભાયાત્રા પર હુમલો કર્યો. વિચિત્ર વાત છે કે આ વખતે મમતા પોલીસ આ ભયાનક હુમલામાં ઉપદ્રવીઓની સાથે સામેલ થઈ ગઈ. તેમણે કહ્યું કે પોલીસે ટીયર ગેસના સેલ છોડ્યા જેથી કરીને શોભાયાત્રા અચાનક સમાપ્ત થઈ જાય, રામભક્તો પર સેલ છોડાયા. બહરામ પુરના સાંસદ અને કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ બુધવારે સાંજે વિસ્તારની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે હું માલદામાં ઘર્ષણમાં ઘાયલ થયેલા લોકોને મળવા માટે આવ્યો હતો. પરંતુ ભાજપના કાર્યક-રોએ હોસ્પિટલમાં એવો દાવો કરતા વિરોધ પ્રદર્શન કરતા એવું કહ્યું કે હિન્દુઓ પર હુમલો થઈ રહ્યો છે અને જવાબ મારી પાસે માંગવામાં આવી રહ્યો છે. વિરોધ કરનારાઓએ એ લોકોને પૂછવું જોઈએ જેમણે જવાબ આપવાની જરૂર છે. તેમણે કહ્યું કે તોફાન એક યોજના હેઠળ ભડકાવવામાં આવી રહ્યા છે અને ભાજપનો વિરોધ એ સાબિત કરે છે. મે ચૂંટણી પંચ સાથે વાત કરી છે. શક્તિપુરમાં વધારાની ફોર્સ મોકલવામાં આવી છે અને એસપી ઘટનાસ્થળે છે. અત્રે જણાવવાનું કે આ ઘટના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મુર્શીદાબાદમાં રામનવમી પર તોફાન ફાટી નીકળવાની ચેતવણી આપ્યા બાદ ઘટી છે.

## ભારતમાં રાજકીય તાપમાનની સાથે જ હવામાનનું તાપમાન પણ ઝડપથી વધવા લાગ્યું છે



ભારતમાં રાજકીય તાપમાનની સાથે જ હવામાનનું તાપમાન પણ ઝડપથી વધવા લાગ્યું છે. ઉત્તર ભારતના અનેક વિસ્તારોમાં લૂનો પ્રભાવ શરૂ થઈ ગયો છે. ભારત હવામાન વિજ્ઞાન વિભાગે પોતાના તાજા પૂર્વાનુમાનમાં મહારાષ્ટ્ર, ઉત્તર ગોવા, આંધ્ર પ્રદેશ, તેલંગણા અને પશ્ચિમ બંગાળ સહિત કેટલાય રાજ્યોમાં લૂ પ્રકોપ વરસાવશે તેવી ચેતવણી જારી કરી છે. ઉત્તર ભારતમાં કેટલાક વિસ્તારોમાં આકરી ગરમીથી રાહત રહેશે, પરંતુ મોટાભાગના વિસ્તારો દિવસના સમયે તપશે. કેટલીક જગ્યા પર વાદળો પણ છવાયા છે, પરંતુ વાદળ હટતાં જ તાપમાન આકરું બનવાના એંધાણ છે. બિહારના લગભગ એક ડઝન જિલ્લામાં લૂનો માહોલ છે, પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયો છે. ઉત્તર પ્રદેશના પણ અનેક જિલ્લામાં પારો ૪૦ ડિગ્રી પાર પહોંચવા લાગ્યો છે. તાપમાન કે લૂની ચિંતા આ વર્ષે એટલા માટે પણ વધારે છે, કારણ કે આ ચૂંટણીની સિઝન છે. મોટા પાયે લોકોનું આવાગમન થશે અને સભાઓનું આયોજન થશે. અનેક જગ્યાઓ પર હજારો લકોની ભીડ ભેગી થશે અને લોકોને પરેશાની થશે. એવામાં જો તાપમાન ૪૦ કે ૪૫ને પાર રહે છે તો સંકટ વધી જશે. હવામાન પ્રતિકૂળ થવાથી ચૂંટણી પ્રચારની સાથે જ મતદાન ટકાવારી પણ પ્રભાવિત થઈ શકે છે. જોકે આ કોઈ નવી વાત નથી, ગત દાયકાઓથી લોકસભા ચૂંટણી માર્ચ-એપ્રિલ-મેમાં જ થતી આવી છે, પરંતુ તાપમાનને ધ્યાનમાં રાખતાં બધાએ સાવધ રહેવું પડશે. હવામાન વિભાગના અનુમાન અનુસાર મે મહિનો ઉગ્ર રહેશે. ચિંતા એટલા માટે પણ વધુ છે કે ગયું વર્ષ ૨૦૨૩ વર્ષ ૧૯૦૧ બાદ સૌથી ગરમ વર્ષ રહ્યું હતું. શું ૨૦૨૪થી આપણે રાહતની આશા રાખી શકીએ છીએ? આ વર્ષે ગરમીમાં કેટલાક વિસ્તારોમાં પારો ૫૦ ડિગ્રી સેલ્સિયસને પાર પણ જઈ શકે છે. શહેરોને વિશેષ રૂપે પાણીની વ્યવસ્થા રાખવી પડશે. આવનાર દિવસોમાં અધિકતમ તાપમાનનું અનુમાન ન લગાવી શકાય, પરંતુ આવનાર વરસાદનું અનુમાન હવામાન વિભાગે લગાવ્યું છે. આ વર્ષે જૂન અને સપ્ટેમ્બર વચ્ચે સામાન્યથી વધુ ચોમાસુ વરસાદ થવાની સંભાવના છે. ધ્યાન રહે, ગયા વર્ષે દેશમાં સામાન્યથી ઓછો વરસાદ થયો હતો, તેથી આ વખતે સામાન્યથી વધુ વરસાદ કોઈ ખુશખબરથી ઓછું નથી. પૂર્વાનુમાન અનુસાર દેશભરમાં વરસાદની કુલ માત્રા પાંચ ટકાની ત્રુટિની આશંકા સાથે લાંબી અવધિના સરેરાશના ૧૦૬ ટકા રહેશે. જોકે મેના અંતમાં હવામાન વિભાગ વરસાદ સાથે જોડાયેલ સુનિશ્ચિત અનુમાન લગાવવામાં સક્ષમ થશે. હાલમાં સમુદ્રી તાપમાનના ચીલમાં અપેક્ષિત બદલાવ અને ઉત્તર ગોળાર્ધમાં બરફની માત્રા જોતાં સામાન્યથી વધારે વરસાદનું અનુમાન લગાવવામાં આવ્યું છે. હાલમાં ભૂમધ્યરેખીય પ્રશાંત ક્ષેત્રમાં મધ્યમ અલ નીનોની સ્થિતિ બનેલી છે. દેશમાં સામાન્યથી વધુ ચોમાસાની ૩૧ ટકા સંભાવના છે. જ્યારે સામાન્યથી ઓછા ચોમાસાની ૮ ટકા સંભાવના છે અને કમજોર ચોમાસાની માત્ર બે ટકા સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વાસ્તવમાં આપણે હવામાન વિશે સમગ્રતામાં વિચારવું જોઈએ. વધુ ગરમી પણ યોગ્ય નથી અને વધુ વરસાદ પણ, પરંતુ જળવાયુ પરિવર્તનના જે હાલ છે તે અનુસાર આપણે બંને પરિસ્થિતિઓ માટે તૈયાર રહેવું જોઈએ. સાથે જ એક વાર ચોક્કસ વિચારવું જોઈએ કે અત્યધિક તાપમાન કે અત્યધિક વરસાદની સ્થિતિથી બચવા માટે આપણે શું કરી શકીએ છીએ. ચૂંટણી સમયમાં પર્યાવરણ કે હવામાન રાજનીતિનો કેન્દ્રીય વિષય ભલે ન બન્યો હોય, પરંતુ લોકો માટે આ વિષય મહત્ત્વપૂર્ણ હોવો જોઈએ.

---

**સોનેરી જ્યોતિ એટલે કે એ દિવ્ય જ્ઞાન સૌની કાળજી રાખી એની જરૂરિયાત પ્રમાણે જીવી તેનામાં અને ખુદમાં અમૃતનું સિંચન કરે છે**

# જ્યોતિ કલશ છલકે! એ ગીત આપણને પ્રકૃતિમાં પણ સાતે સાત ચક્રોનાં રંગોની રંગોળી પૂરાય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**એકવાર આ ભાવ રંગોળી એટલે કે રંગોને એ રીતે અંતરમાં આત્મસાત કરીએ તો પછી, બાહ્ય પ્રકૃતિમાં પણ એના દર્શન થાય છે, અને આવો જ એક ભાવ લઈને આપણે આજે તરાની કી તર્જ જીવન કા અર્કમાં ચિંતન કરીશું**

આપનાં શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ચૈત્રી નવરાત્રીની પૂર્ણાહુતિ થઈ ગઈ, પરંતુ અનુષ્ઠાન સુંદર રીતે સંપન્ન થયું એ આનંદના પડઘાઓ હજી સ્મૃતિમાં ગુંજે છે. ક્યારેક તેજ પ્રકાશ સ્વરૂપે, ક્યારેક દીપ જ્યોતિ સ્વરૂપે, ક્યારેક મશાલ સ્વરૂપે, તો ક્યારેક જ્યોતિ પુંજ સ્વરૂપે, તો અવનવાં ચક્રોનાં અવનવા રંગોની આલ્હાદક અનુભૂતિઓ, પક્ષી બની ચિતાકાશમાં હજી ઘૂમરી લઈ રહી છે, અને જીવ કંઈક ઠોસ રૂપે પામ્યાની પીપરમેન્ટનો સ્વાદ લે છે! જે રસ સદગુરુ કૃપા વગર શક્ય નથી. પરંતુ આ બધું શક્ય બનવા પાછળ કંઈક ઠોશ કારણ પણ હોવું જરૂરી છે. એટલે કે વ્યવહાર જગતમાં આપણે કોઈ માટે કંઈક કરી શકીએ, એને વસ્તુઓ અપાવી શકીએ, ચા બનાવી શકીએ, ભોજન બનાવી શકે, ભોજન પીરસી શકીએ, અરે કોળિયા ભરી જમાડી પણ શકીએ! પરંતુ આધ્યાત્મ એક એવો પ્રદેશ છે જ્યાં સ્વની ઈચ્છા વગર કંઈ જ શક્ય નથી. સ્વની આ પ્રદેશ જોવાની, આ અનુભૂતિઓ માણવાની, અને ખરેખર હું કોણ છું?; શું મારું પણ કોઈ નિયત કર્મ છે? કે પછી આમ જ પશુતા માં જ મૃત્યુ! મારા અસ્તિત્વની ધરોહર શું છે? આવા કોઈ પ્રશ્નો થાય તો એને શુભ સંકેત માની એને વિશે વધું ને વધું ચિંતન જ આપણને આ યાત્રામાં ઢસડી જશે! અને આધ્યાત્મિકતા આપણને અંદરનાં મલિન તત્વોને કાઢવામાં મદદ કરે છે. આપણી માટે આ નવ દિવસીય યાત્રા માટેનું કારણ જોઈએ તો અશાંત જીવનમાં શાંતિ માટે અંતરમાં રામ તત્વનો જન્મ થાય એ બહુ જરૂરી છે, અને રામ તત્વ સુધી પહોંચવા માટે આપણે આ કુંડલીની જાગરણનાં સાતે સાત ચક્રોની કલ્પના કરી મુલાધારથી ઉપર ઉઠી શકીએ એવા પ્રયત્નો કર્યા. એટલે એમ કહી શકાય કે રામ એટલે કે સત્ય, અને આ અજાણ્યા પ્રદેશમાં જવા માટેની હિંમત કે સાહસ આ બે મુદ્દે આપણે આ ઠોશ પરિણામ સુધી પહોંચી શક્યા. આચરણમાં સત્ય અને સાહસના પગરખા પહેરીએ તો જ કંઈક મળે છે, અને એ પરિણામ સહસ્ત્રાર ચક્રનું શિખર છે. એકવાર આ ભાવ રંગોળી એટલે કે રંગોને એ રીતે અંતરમાં આત્મસાત કરીએ તો પછી, બાહ્ય પ્રકૃતિમાં પણ એના દર્શન થાય છે, અને આવો જ એક ભાવ લઈને આપણે આજે તરાની કી તર્જ જીવન કા અર્કમાં ચિંતન કરીશું.

**જ્યોતિ કલશ છલકે - ૪**
**હુએ ગુલાબી, લાલ સુનહરે,**
**રંગ દલ બાદલ કે**
**જ્યોતિ કલશ છલકે ..**
**ઘર આંગન વન ઉપવન ઉપવન,**
**કરતી જ્યોતિ અમૃત કે સીંચન**
**મંગલ ઘટ ઢલ કે - ૨**
**જ્યોતિ કલશ છલકે...**
**પાત પાત બિરવા હરિયાલા,**
**ધરતી કા મુખ હુઆ ઉજાલા, સચ સપને કલ કે - ૨**
**જ્યોતિ કલશ છલકે...**
**ઊષાને આઁચલ ફૈલાયા,**
**ફૈલી સુખ કી શીતલ છાયા,**
**નીચે આઁચલ કે - ૨**




**જ્યોતિ કલશ છલકે...**
**જ્યોતિ યશોદા ધરતી મૈય્યા,**
**નીલ ગગન ગોપાલ કન્હૈય્યા, શ્યામલ છવિ ઝલકે - ૨**
**જ્યોતિ કલશ છલકે,**
**અમ્બર કુમકુમ કણ બરસાયે,**
**ફૂલ પઁખુડિયોં પર મુસ્કાયે,**
**બિન્દુ તુહિન જલ કે - ૨**
**જ્યોતિ કલશ છલકે.**

૧૯૬૧ માં બનેલી ભાભી કી જોડીયા નામની ફિલ્મનું આ ગીત છે, આ ગીતની રચના પંડિત નરેન્દ્ર શર્માએ કરી છે, સંગીતકાર સુધીર ફડકે છે, અને ગાયક લતા મંગેશકર છે, તેનો રાગ ભોપાલી બતાવાયો છે, અને ફિલ્મના આ ગીતમાં મીના કુમારી એ અભિનય કર્યો છે. દર વખતની જેમ આ વખતે પણ આ ફિલ્મ મેં જોઈ નથી, પરંતુ અમારા ઘરના વડીલ દાદાનુ પ્રિય ગીત હોવાથી સાંભળ્યું ઘણીવાર છે, અને ગમી ગયું હોવાથી આવડે એમ ગાયું પણ છે. કવિને આ સાતે સાત ચક્રોનાં રંગની અનુભૂતિ પ્રકૃતિમાં થાય છે, અને તે એને જુદી જુદી રીતે મૂલવે છે. દરેક ભાવનો એક નિશ્ચિત રંગ હોય છે, અને એ રંગ આપણને એ વસ્તુ, વ્યક્તિ, કે વિચાર, સાથેની તાદમ્યતા બતાવે છે. કવિ પ્રકૃતિ સાથે એટલી હદે તાદાત્મ્ય અનુભવે છે કે, તેને તેનાં એક એક ઘટકમાંથી શુભનું કંકુ પ્રાપ્ત થાય છે. જેમ કે પહેલી પંક્તિમાં કવિ મૂલાધારથી ઉપર ઉઠીને એટલે કે મમતાનો લાલ ગુલાબી રંગ જો વાદળ બની અને બાળક પર વરસે, તો એ પીળા સોનેરી જ્ઞાન વર્ધક રંગ સુધી અવશ્ય લઈ જાય છે, અને પછી સોનેરી રંગના કિરણોનો જ્યોતિ કલશ છલકાય છે, એટલે કે બાળક સાથેની નિસ્વાર્થ મમતાના ભાવને કારણે મણિપુર ચક્ર સુધી પહોંચી જાય છે. બીજી પંક્તિમાં કવિ કહે છે, કે પોતાના ઘરને જ ઉપવન જેમ હરિયાળુ બનાવવું, અને આ સોનેરી જ્યોતિ એટલે કે એ દિવ્ય જ્ઞાન સૌની કાળજી રાખી એની જરૂરિયાત પ્રમાણે જીવી તેનામાં અને ખુદમાં અમૃતનું સિંચન કરે છે, અને આમ એ લાભ શુભની વૃત્તિ છોડી મંગલતા તરફ પ્રયાણ કરે છે, અને આ જ્યોતિ ઘટ હવે મંગલતાથી છલકાય છે. ત્રીજી પંક્તિમાં કવિ કહે છે, જ્યારે ધરતીનું મુખ ઉજાળુ થયું, એટલે કે સૂર્યોદય થયો ત્યારે પાંદડું પાંદડું લીલુંછમ્મ થઈ ગયું, અને કાલે જે કામ ભાવ નાં અંધકારથી જાગવાનું સ્વપ્ન જોયું હતું, એ આજે સાચું થયું. આગળ કવિ કહે છે કે સૂર્યોદય સમયે ઉષા એ પોતાની લાલિમાનો પાલવ ફેલાવ્યો, અને આ પાલવ નીચે સુખની શીતલ છાયા પણ ફેલાઈ. સુખ એટલે કે ભોગની પરીતૃપ્તિએ અનુભવાતી અનુભૂતિ, અને એ ગમ્ય હોવાથી ક્ષણિક શીતળતા આપે છે, પણ આપણે એની અવધિ લંબાય એવું ઈચ્છતા હોઈએ તો ઉષા જેમ આ પાલવ તળે સૌના સુખની કામના કરવી. આપણા અસ્તિત્વની ધરી જ્યારે ધરતી બની યશોદા જેમ જે પોતાનું નથી એને પણ પોતાનો ગણી પ્રેમ કરે ત્યારે નીલ ગગનમાં ગોપાલ એટલે કે કૃષ્ણ કનૈયાની શ્યામલ છવીના દર્શન થાય છે. અંતમાં સૌના મંગલની ભાવના હૃદયસ્થ થાય ત્યારે આકાશ કુમકુમની વર્ષા કરી રહ્યું હોય એવી અનુભૂતિ થાય છે! અને આ કુમકુમ ફુલની પાંખડીમાં પુરાઈને ફૂલને રંગીન બનાવે છે, અને એ ફૂલની પંખડીમાં પાછું ઝાકળ વરસે! બસ આ છે પ્રકૃતિ રુપી માતાની મમતાનું જલ બિન્દુ! અને આવી અનન્ય દ્રષ્ટિ જ્યોતિ કલશ છલકાયા વગર એટલે કે સહસ્ત્રાર ચક્ર જાગૃત થયા વગર કેમ પ્રાપ્ત થાય! આ ગીત ઘણીવાર સાંભળ્યું છે પણ તરાને કી તર્જ માં ચિંતન માટે લેવાનો વિચાર ક્યારેય આવ્યો નથી! એનો મતલબ એમ થાય કે સદગુરુ દેવ પણ ઈચ્છતા હતાં કે એના પર યથાર્થ ચિંતન થાય! જોકે કવિનાં મનોભાવ આપણે જાણતા નથી! પણ લગભગ એમણે પણ આવું જ કંઈક અનુભવ્યું હશે! આપણો જીવ સહજ ભાવ કામ અને એને પ્રેરિત ભોગ છે, અને એને કારણે ભેટ સ્વરૂપે મળેલ સંતાન પ્રત્યેની મમતા! તો બે ભાવની અતિની વૃત્તિ છોડી સમયક્તા તરફ જીવનને વાળી એ તો એ જ કામનો ભાવ નિષ્કામ અને મમતાનો ભાવ સમતા તરફ દોરી જાય છે અને ત્યાં પછી કવિ અનુભવે છે એવાં અજવાળાં અજવાળા છે આપણે સૌ એ રીતે આનું મૂલ્યાંકન કરીને ત્યાં સુધી પહોંચી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**કામ, ક્રોધ, લોભ આ ત્રણથી પુણ્યનો નાશ થાય છે, લોભથી ભક્તિનો નાશ થાય છે, વિવેકથી કામનો નાશ થાય છે**

# જ્યારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**એકનાથજી મહારાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને, લોભીને તત્કાળ થોડો લાભ થાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી**

કર્મમાર્ગમાં વિઘ્ન કરનારો કામ છે. કશ્યપ-દિતિ એનો દાખલો છે. કામથી કર્મનો નાશ થાય છે. ભક્તિમાર્ગમાં વિઘ્ન કરનાર લોભ છે. લોભથી ભક્તિનો નાશ થાય છે. કામ, ક્રોધ, લોભ આ ત્રણથી પુણ્યનો નાશ થાય છે. વિવેકથી કામનો નાશ થાય છે, પણ ક્રોધનો નાશ મુશ્કેલ છે. એકનાથજી મહા રાજે ભાવાર્થ રામાયણમાં લખ્યું છે કે કામીને, લોભીને તત્કાળ થોડો લાભ થાય છે, પણ ક્રોધ કરનારને કાંઈ લાભ થતો નથી. ઊલટું તેના પુણ્ય નો ક્ષય થાય છે. વલ્લભાચાર્યજીએ આ વિશે કહ્યું છે કે, કામ કર્મનો નાશ કરે છે. તેથી કામ, ક્રોધ, લોભને ગીતાજીમાં નરકનાં દ્વારો કહ્યાંછે અને એ ત્રણ ત્યજવાનું કહ્યું છે. ભક્તિમાર્ગમાં લોભ કેવી રીતે વિઘ્ન કરે છે? માણસ ભગવાનને માટે અગર દાન માટે હલકામાં હલકી ચીજવસ્તુઓનો ઉપયોગ કરે છે. બાબાનો શુટ બનાવવો હોય તો સાત રૂપિયે વારનું કાપડ અને ઠાકોરજીના વાઘા સિવડાવ વા હોય તો ચાર આને ગજનું કાપડ! ઠાકોરજીના માટે ફૂલ લેવા ગયા અને ગુલાબના ફૂલના ચાર આના પડે,તો કહેશે કે કરણનાં ફૂલ આપ. મારા ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે પણ ઘર વાળી માટે ગમે તેટલા રૂપિયા ખર્ચીને સારી વેણી લઈ આવે. સત્યનારાયણની કથામાં બેસવાનું હોય,તો ભાઈ રૂપિયા બસોનું પીતાંબર પહેરીને બેસે અને જ્યારે ઠાકોરજીને વસ્ત્રપરિધાન કરાવવાનો પ્રસંગ આવે ત્યારે કહેશે, પેલું નાડું લાવેલા તે ક્યાં ગયું! ભગવાન કહે છે,હમ સબ સમજતે હૈ. મેં પણ તારા માટે લંગોટી પહેરવાના કંદોરાનું નાડું તૈયાર રાખ્યું છે. આવું ન કરો. ભગવાનને સારામાં સારી વસ્તુ અર્પણ કરો.બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓમાં જમનાદાસ ભક્તનું એક દૃષ્ટાંત આવે છે. જમનાદાસ ભક્ત એક વખત ઠાકોરજીને માટે બજારમાં ફૂલ લેવા નીકળ્યા. ફૂલવાળાની દુકાને એક સારું કમળ જોયું. જમનાદાસજીએ વિચાર્યું કે,આજ તો મારા ઠાકોર જીને માટે હું આ સુંદર કમળ લઈ જઈશ. તે જ વખતે તે દુકાને એક યવનરાજા ફૂલ લેવા આવી પહોંચે છે. યવનરાજાને પોતાની રખાત વેશ્યા માટે ફૂલ જોઈતું હતું. જમનાદાસ ભક્ત માળીને કમળ ના ફૂલની કિંમત પૂછે છે. માળી પાંચ રૂપિયા કિંમત જણાવે છે, તેજ વખતે યવનરાજા વચમાં કૂદી પડે છે કે, એ ફૂલના હું દસ રૂપિયા આપવા તૈયાર છું.બંને વચ્ચે ફૂલ લેવા હરીફાઈ ચાલે છે. યવનરાજા તે ફૂલની કિંમત દસ હજાર રૂપિયા બોલે છે. જમનાદાસ ભક્ત કહે,મારા એક લાખ! યવનરાજાને વેશ્યા તરફ સાચો પ્રેમ ન હતો, મોહ હતો. તે વિચારે છે કે, એક લાખ હશે તો બીજી સ્ત્રી મળશે ત્યારે જમના દાસજી ભક્તને મન તેના ઠાકોર જી સર્વસ્વ હતા. તેનો સાચો શુદ્ધ પ્રેમ હતો.જમનાદાસ પોતાની સર્વ મિલકત વેચીને એક લાખ રૂપિયા કિંમત આપી ફૂલ ખરીદી લાવે છે અને શ્રીનાથજીની સેવામાં અર્પણ કરે છે. શ્રીનાથજીના માથા ઉપરથી મુગટ આજે નીચે પડી જાય છે. ભગવાન તે દ્વારા બતાવે છે, જમનાદાસ ભક્તના કમળનું વજન મારાથી સહન થતું નથી. સનતકુમારોને ક્રોધ આવ્યો એટલે પતન થયું. પ્રભુના દ્વારે ગયેલા પાછા આવ્યા. કામ, ક્રોધ અંદરના વિકાર છે. તક મળતાં એ બહાર આવે છે.તેથી મન ઉપર સત્સંગનો ભક્તિનો અંકુશ રાખો. ઈશ્વરનું સતત ચિંતન કરે તેના અંદરના વિકારો શાંત થાય છે. સનતકુમારોનો ક્રોધ હજી શમ્યો નથી. તેમણે ક્રોધમાં જય-વિજયને શ્રાપ આપ્યોકે, રાક્ષસોમાં વિષમતા હોય છે. તમે એવી વિષમતા દેખાડી માટે તમે રાક્ષસો થાઓ! મંદિરમાં થોડું પાપ કરે એ મહાપાપ છે. સનતકુમારોએ વૈકુંઠમાં ક્રોધ કર્યો. તેથી ભગવાને વિચાર્યું કે,મારા દ્વારે પાપ કર્યું એટલે મારા ઘરમાં આવવા હવે એ લાયક નથી. આ લોકોએ ક્રોધ ઉપર હજુ વિજય મેળવ્યો નથી. સનકાદિકને અંદર પ્રવેશ મળ્યો નહીં. અંદર ગયા હોત પછી બહાર આવવાપણું ન હતું. કારણ ભગવાનનું પરમધામ તો એવું છે, જ્યાં ગયા પછી આવવાપણું હોતું નથી. એટલે નારાયણ લક્ષ્મીજી બહાર આવે છે.ઠાકોરજી સનત કુમારોની સામે જોતા નથી. આજે નજર ધરતી ઉપર છે.જીવનેકરેલાં પાપ માટે હૃદયથી પસ્તાવો ન થાય ત્યાં સુધી ઠાકોર જી દર્શન આપતાં નથી. સ્વદોષ દર્શન એ ઈશ્વર દર્શનનું ફળ છે. સનતકુમારો વંદન કરે છે. પણ ઠાકોરજી સામું જોતા નથી. સનકાદિક ઋષિઓ ભગવાન પાસે ક્ષમા માગે છે. બ્રાહ્મણો ભગવાનને વહાલા છે. ભગવાન સનતકુમારોને કહે છે કે, તમે મારી ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો છે. મને મારા ભક્તો અતિ પ્રિય છે. અનન્ય ભક્તિ ન હોય તો મને લક્ષ્મીજી પણ પ્રિય નથી. નિષ્કામ ભક્તિ મને અતિશય પ્રિય છે. લક્ષ્મીજીમાં પણ નિષ્કામ ભક્તિ ન હોય તો લક્ષ્મીજી પણ પ્રિય લાગતી નથી. ચંચળ લક્ષ્મીજી ઠાકોરજીના ચરણમાં સ્થિર થાય છે. તુલસીજી રાધાજીનું સ્વરૂપ છે.જીવાત્મા પરમાત્માનું લગ્ન એ તુલસીવિવાહનું તાત્પર્ય છે. સનકાદિક વિચારે છે કે, અમારાં વખાણ કરે છે, પણ ધામમાં તો બોલાવતા નથી કે લઈ જતા નથી, માટે અમારે હજુ તપશ્ચર્યા કરવાની જરૂર છે. હજુ ક્રોધ અમારામાંથી ગયો નથી, એટલે સનકાદિક બ્રહ્મલોકમાં પધારે છે. પછી જય-વિજયને સાંત્વના આપી નારાયણ ભગવાને કહ્યું, તમારા ત્રણ અવતારો થશે પણ તમારો ઉદ્ધાર કરવા હું ચાર અવતારો ધારણ કરીશ! સનકાદિકના શાપથી જય અને વિજય અનુક્રમે હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે અવતર્યા છે. એજ દિતિના બે પુત્રો. મહાપ્રભુજીએ આ ચરિત્રની સમાપ્તિ કરતાં કશ્યપ ઉપર ત્રણ દોષો નાખેલા છેઃ કર્મત્યાગ, મૌન ત્યાગ અને સ્થાનત્યાગ. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુના રોજ ચાર-ચાર હાથ વધતા. જો આમ ખરેખર બને તો માતા પિતાની શું સ્થિતિ થાય તે કલ્પી શકો છો! બીજી મુશ્કેલી એક બાજુ મૂકીએ, તો પણ એક દિવસનાં કપડાં બીજે દિવસે ટૂંકા પડે.પણ ભાગવતની આ સમાધિભાષા છે. ભાગવતમાં સમાધિભાષા મુખ્ય છે. લૌકિકભાષા ગૌણ છે. આમ કહીને લોભનું સ્વરૂપ બતાવ્યું છે. ચાર-ચાર હાથ રોજ વધતા એટલે કે લોભ રોજને રોજ વધતો જાય છે. લાભથી લોભ વધે છે.લોભનો અંત પ્રભુ કૃપા વગર થતો જ નથી. શરીર જીર્ણ થવાથી કામ મરે છે,પણ લોભનો નાશ થતો નથી. લાભથી લોભ વધે એટલે પાપ વધે. પાપ વધે એટલે ધરતી રસા તળમાં જાય છે.ધરતી એટલે માનવસમાજ દુઃખરૂપી રસાતળમાં ડૂબે છે.હિરણ્યાક્ષે ખૂબ ભેગું કર્યું છે. હિરણ્યકશિપુએ ખૂબ ભોગવ્યું છે. લોભ વધે એટલે ભોગ વધે, ભોગ વધે એટલે પાપ વધે. જ્યારથી લોકો માનવા લાગ્યા કે, પૈસાથી જ સુખ મળે છે ત્યારથી જગતમાં પાપ બહુ વધી ગયું છે. હિરણ્યાક્ષને મારવા વરાહ અવતાર થયો. હિરણ્યકશિપુને મારવા નૃસિંહ અવતાર થયો. હિરણ્યાક્ષ ભોગના લોભનો અને હિરણ્યકશિપુ એ લોભના ભોગનો અવતાર છે. કામને મારવા એક જ અવતાર લીધો છે. રાવણ-કુંભકર્ણને મારવા રામચંદ્રજીનો અવતાર. ક્રોધને મારવા પણ એક જ અવતાર શિશુપાળને મારવા શ્રીકૃષ્ણાવતાર. પરંતુ લોભને મારવા માટે બે અવતાર લેવા પડ્યા છે.વરાહાવતાર અને નૃસિંહાવતાર.તે બતાવે છે કે લોભ ને જીતવો બહુ જ મુશ્કેલ છે. વૃદ્ધાવસ્થામાં ડહાપણ ઘણાને આવે છે, પણ જુવાનીમાં જે ડાહ્યો થયો તે સાચો ડાહ્યો થયો કહેવાય. શક્તિ ક્ષીણ થાય ત્યારે કામ જાય તેમાં શું ગઢ જીત્યો? કોઈ ગણકારે નહીં ત્યારે ડોસાનો ક્રોધ જાય તેમાં શું નવાઈ?

# અક્ષય કુમારને પહેલી તેલુગુ ફિલ્મમાં સાથ આપશે કાજલ દેવગન



## ‘કનપ્પા’માં નીડર અને નાસ્તિક યોદ્ધાની ચુસ્ત શિવભક્ત બનવા સુધીની કહાની જોવા મળશે

અક્ષય કુમાર પોતાના કેરેક્ટર સાથે હંમેશા અખતરા કરતા હોવાથી એક્શન-કોમેડી અને ડાન્સ સહિતના તમામ રોલ પર હાથ અજમાવી ચૂક્યા છે. અક્ષયે સતત નવું કરતા રહેવાની પોતાની આદતને આગળ ધપાવતા તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં આગમન કરવાનો નિર્ણય લીધો છે. બિગ બજેટ તેલુગુ ફિલ્મ ‘કનપ્પા’માં અક્ષય કુમારનો સમાવેશ થયો છે. વિષ્ણુ માંચુનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મમાં અક્ષયની એન્ટ્રી અંગે સત્તાવાર જાહેરાત થઈ ચૂકી છે. તેમની સાથે આ ફિલ્મમાં સાઉથની જાણીતી એક્ટ્રેસ કાજલ અગ્રવાલ પણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિષ્ણુ માંચુની ‘કનપ્પા’ને બજેટ અને સ્ટારડમની રીતે મોટી બનાવવા પ્રયાસ થઈ રહ્યા છે. અક્ષય બાદ તેમાં કાજલ અગ્રવાલની એન્ટ્રી પણ થઈ ચૂકી છે. અગાઉ તેલુગુ એક્ટર વિષ્ણુ માંચુએ સોશિયલ મીડિયા પર અક્ષય કુમાર સાથે જોડાણની જાહેરાત કરી હતી. અક્ષય કુમાર સાથેનો ફોટોગ્રાફ શેર કરતા વિષ્ણુ માંચુએ જણાવ્યુ હતું કે, સુપરસ્ટાર અક્ષય કુમાર તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પહેલી ફિલ્મ કરી રહ્યા છે. તેમની સાથે ‘કનપ્પા’ની જાહેરાત કરતા આનંદ અનુભવું છે. અક્ષય કુમાર ફિલ્મના શૂટિંગ માટે હૈદરાબાદમાં છે. વિષ્ણુ માંચુએ ‘કનપ્પા’ને પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે. આ ફિલ્મમાં તેલુગુ લોકકથામાં આવતા એક શિવભક્તને રજૂ કરવામાં આવશે અને આ શિવભક્ત વિષ્ણુ માંચુ છે. નીડર અને બહાદુર યોદ્ધા કનપ્પાને ભગવાનમાં વિશ્વાસ નથી, પરંતુ બાદમાં તે ચુસ્ત શિવભક્ત બને છે. ભગવાન શિવને રીઝવવા માટે તે પોતાની આંખ કાઢીને ભગવાનને ચડાવે છે. ફિલ્મમાં ભગવાન શિવના રોલમાં અક્ષય કુમાર જોવા મળે તેવી શક્યતા છે, જ્યારે કાજલ અગ્રવાલના કેરેક્ટર અંગે માહિતી આવી નથી. ફિલ્મમાં પ્રીતિ મુકુંદન, મોહનલાલ, પ્રભાસ, નયનતારા, મોહનબાબુ, બ્રહ્માનંદમ, મધુ અને મુકેશ રિશિ જેવા કલાકારો પણ મહત્ત્વના રોલમાં છે. હોલિવૂડ સિનેમાટોગ્રાફર શેલ્ડન ચાઉ અને એક્શન ડાયરેક્ટર કેચા ખામ્ફકડીનો પણ ટીમમાં સમાવેસ કરાયો છે. ફિલ્મની કોરિયોગ્રાફી પ્રભુ દેવાએ કરી છે. તેને હિન્દી ઉપરાંત ઈંગ્લિશ, તમિલ, મલયાલમ, તેલુગુ અને કન્નડમાં રિલીઝ કરવામાં આવશે.

### ફિલ્મ ખાસ ન ચાલે ત્યારે એવું વિચારું છું કે, મને ચાન્સ મળ્યો તે પૂરતું છે

# મારા જીવન પર ડોક્યુમેન્ટ્રી બનવી જોઈએ : નોરા

## કેનેડિયન હોવા છતાં કઈ રીતે ફિલ્મોમાં સફળતા મેળવી તેની સ્ટોરી લોકો સુધી પહોંચવી જોઈએ

નોરા ફતેહીને બોલિવૂડમાં આઈટમ સોન્ગ માટે સૌથી વધારે ઓળખવામાં આવે છે. દિલબર, કુસુ, કમરિયા અને ઓ સાકી જેવા સંખ્યાબંધ ગીતોને નોરાના ડાન્સથી આગવી ઓળખ મળી છે. નોરા ફતેહી મૂળે કેનેડિયન ડાન્સર અને એક્ટ્રેસ છે. નોરા વિદેશી હોવા છતાં ભારતમાં સેટલ થઈ છે અને સંખ્યાબંધ ફિલ્મો પણ કરી છે. નોરા લાંબા સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં છે અને વર્ષોના સંઘર્ષ બાદ તેને સારા રોલ પણ ઓફર થઈ રહ્યા છે. નોરાને પોતાની આ સફર ખૂબ રોમાંચક લાગે છે અને તેને લોકો સુધી પહોંચાડવા માટે ડોક્યુમેન્ટ્રી બને તેવી નોરાની ઈચ્છા છે. નોરાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન પોતાના ભૂતકાળના અનુભવો અંગે વાત કરી હતી અને આ સ્ટોરી લોકો સુધી પહોંચે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. નોરાએ જણાવ્યુ હતું કે, વિચિત્ર જગ્યાઓ પર એક વિચિત્ર યુવતી જોવા મળતી હતી અને તેની હરકતો દરેકનું ધ્યાન ખેંચતી હતી. આ વિચિત્ર યુવતી એટલે નોરા ફતેહી, જેને કોઈ ઓળખતું ન હતું. તે દૂરના દેશમાંથી ભારત આવી હતી અને બોલિવૂડમાં જોડાઈ હતી. તેણે ભારતની ભાષા શીખી હતી અને તમામ અડચણોને વટાવી સંખ્યાબંધ ફિલ્મોમાં કામ કર્યું છે. હાલ તે એક્ટર તરીકે નામ ધરાવે છે. એક સમયે આ કામ અશક્ય હોવાનું લોકો કહેતા હતા, પરંતુ આકરી મહેનતે શક્ય કરી બતાવ્યું છે. એક અજાણી યુવતીમાંથી ગ્લોબલ સ્ટાર બનવા સુધીની સફર અંગે જાણવામાં ઓડિયન્સને રસ પડશે અન તેથી પોતાના જીવન પર ડોક્યુમેન્ટ્રી બનવી જોઈએ, તેવું નોરા માને છે. લીડ એક્ટર તરીકે નોરાની પહેલી ફિલ્મ સ્પોર્ટ્સ એક્શન ડ્રામા ક્રેક હતી. વિદ્યુત જામવાલ સાથેની આ ફિલ્મ બોક્સઓફિસ પર ખાસ ચાલી ન હતી. નોરાને આ ફિલ્મ નહીં ચાલવા અંગે ખાસ અફસોસ પણ નથી. નોરાએ જણાવ્યું હતું કે, ફિલ્મમાં અન્ય કોઈ વ્યક્તિની સ્ટોરી હતી. ફિલ્મ ખાસ ન ચાલે ત્યારે એવું વિચારું છું કે, મને ચાન્સ મળ્યો તે પૂરતું છે. નોરાની છેલ્લી ફિલ્મ મડગાંવ એક્સપ્રેસને ઓડિયન્સ તથા ક્રિટિક્સે પસંદ કરી છે. તેમાં નોરાની સાથે દિવ્યેન્દુ, પ્રતીક ગાંધી અને અવિનાશ તિવારી મહત્ત્વના રોલમાં છે. અભિપ્રાયઃ નોરા ફતેહી નારીવાદને તોડી નાખે છે પણ તેનો ફાયદો પણ ઉઠાવી રહી છે! “હું આ બદમાશમાં માનતો નથી. મને લાગે છે કે નારીવાદે આપણા સમાજને ઘડ્યો છે. સ્વાભાવિક રીતે સંપૂર્ણપણે સ્વતંત્ર હોવાનો વિચાર અને લગ્ન ન કરવા અને બાળકો ન રાખવા અને ઘરમાં સ્ત્રી અને પુરુષની ગતિશીલતા ન હોવાનો વિચાર. પ્રદાતા છે, થોડા દિવસો પહેલા મેં નોરા ફતેહીને તેના મોટા પરિવાર માટે એકમાત્ર કમાણી કરનાર અને આર્થિક રીતે સ્વતંત્ર અને વ્યવસાયિક રીતે સ્થિર થવામાં તેણીના સંઘર્ષ વિશે નિખાલસપણે બોલતા સાંભળ્યું. આ મહિલાની આજીવિકા બનાવવાની પ્રતીતિ અને નિશ્ચયને અજાયબી અને આદર આપવા સિવાય કોઈ મદદ કરી શક્યું નથી, જે વિદેશમાં અને ઉદ્યોગમાં ખૂબ જ સફળ વ્યક્તિ છે.



# બેબી બમ્પ સાથે એક્શન સીનનું શૂટિંગ


બોલિવૂડની સૌથી પોપ્યુલર, સ્માર્ટ અને ટેલેન્ટેડ એક્ટર્સમાંથી એક છે દીપિકા પાદુકોણ. પોતાની એક્ટિંગથી લોકોને ફિદા કરનાર દીપિકા પાદુકોણ હાલમાં પ્રેગનન્ટ છે. થોડા સમય પહેલાં એક્ટ્રેસ પ્રેગનન્સીના સમાચાર ફેન્સને આપ્યા હતા. આ દિવસોમાં દીપિકા પ્રેગનન્સીની સાથે સાથે કામ પર પણ પૂરતુ ધ્યાન આપી રહી છે. આમ, વાત કરવામાં આવે તો મોટાભાગની એક્ટ્રેસ પ્રેગનન્ટ થયા બાદ કામને સાઈડમાં મુકી દેતી હોય છે પરંતુ દીપિકા પાદુકોણ વર્ક કમિટમેન્ટ્સ પૂરું કરી રહી છે. એક્ટ્રેસ આ દિવસોમાં એની અપકમિંગ ફિલ્મ સિંઘમ અગેનના શૂટિંગમાં વ્યસ્ત છે. પ્રેગનન્સી ફેજનું વેકેશન એટલે કે બેબીમૂનમાંથી પરત ફરતા હવે એક્ટ્રેસ કામમાં લાગી ગઈ છે. જો કે આની ઝલક સામે આવી છે. સામે આવેલી તસવીરમાં તમે જોઈ શકો છો




કે દીપિકા પાદુકોણ પોલીસના કપડામાં જોવા મળી રહી છે. આ સાથે કાળા ચશ્માામાં એક્ટ્રેસ પૂરી રીતે સિંઘમ ગર્લ લાગી રહી છે.દીપિકા સેટ પર એની સાથે ફિલ્મ નિર્દેશક રોહિત શેટ્ટી પણ જોવા મળે છે. પ્રેગનન્સીના સમાચાર પછી એક્ટ્રેસની પહેલી ઝલક જોવા મળી છે જેમાં એક્ટ્રેસનો બેબી બમ્પ જોવા મળી રહ્યો છે.

# War 2 ના સેટ પરથી લીક થઈ જુનિયર NTR અને હૃતિકની તસવીરો

## થોડા અઠવાડિયા પહેલા જ ઋતિક અને જુનિયર એનટીઆરે પોતાના એક્શન સીક્વન્સની શૂટિંગ શરૂ કરી દીધી હતી



War 2 ના સેટ પરથી લીક થઈ હતિક રોશન અને જુનિયર દ્ધઈની તસવીરો, શૂટ થયો ફિલ્મનો સૌથી મોટો એક્શન સીન ઋતિક રોશન અને જુનિયર દ્ધઈની ફિલ્મ ઉદ્ઘરિ આ વર્ષનો સૌથી મોટો પ્રોજેક્ટ છે. હાલમાં જ ફિલ્મની શૂટિંગ શરૂ થઈ ગઈ છે અને સેટ પરથી એક્ટર્સના ફોટો પણ સોશિયલ મીડિયા પર લીક થઈ ગયા છે. આ સૌથી મોટી એક્શન ફિલ્મ થવાની છે જેના માટે બન્ને એક્ટર્સ ખાસ તૈયારી કરી રહ્યા છે. હવે સેટ પરથી લીક થયેલા ફોટોએ એક્ટર્સના લુકને રિવીલ કર્યા છે. જેને જોયા બાદ આ ફિલ્મને લઈને ફેંસની એક્સાઈટમેન્ટ વધી ગઈ છે. થોડા અઠવાડિયા પહેલા જ ઋતિક અને જુનિયર એનટીઆરે પોતાના એક્શન સીક્વન્સની શૂટિંગ શરૂ કરી દીધી હતી. બન્નેની વચ્ચે જબરદસ્ત એક્શન શીન થવાના છે જે પહેલા હિંદી ફિલ્મોમાં ઓછા જોવા મળ્યા છે. તેના માટે બન્ને એક્ટર્સે સાથે તૈયારી પણ કરી હતી. ડાયરેક્ટરે તેના માટે ફિલ્મના એક્શન સીક્વન્સને પહેલા શૂટ કર્યો જેનાથી એક્ટર્સની ટ્રેનિંગ એકદમ ફ્રેશ લાગે. ફિલ્મના નવા સેટ પરથી એક્ટર્સની તસવીરો લીક થઈ છે. આ તસવીરોમાં ઋતિક સ્ટીલ્થ સૂટમાં જોવા મળી રહ્યો છે. ત્યાં જ બીજા ફોટોમાં જુનિયર એનટીઆર બ્લેક ટી-શર્ટ, પેન્ટમાં જોવા મળ્યા.



**લારા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે, મહેશ સાથે લગ્ન કર્યા પહેલા પણ લારા રિલેશનશિપમાં હતી**

# પરિણીત મહેશ ભૂપતિને પ્રેમ કરવા લાગી હતી લારા દત્તા

બોલિવૂડની ફેમસ અભિનેત્રી લારા દત્તાનો જન્મ ૧૬ એપ્રિલ ૧૯૭૮ના રોજ ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં થયો હતો ૨૦૦૦માં મિસ યુનિવર્સનો ખિતાબ જીતનાર લારાએ ફિલ્મ ‘અંદાજ’ (૨૦૦૩) દ્વારા બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આજે આ અહેવાલમાં લારા દત્તા કેવી રીતે પરિણીત અને દેશના સ્ટાર ટેનિસ ખેલાડી મહેશ ભૂપતિના પ્રેમમાં પડી હતી તે વિશે જણાવીશું.મહેશ દેશનો પહેલો ગ્રાન્ડ સ્લેમ જીતનાર ટેનિસ ખેલાડી છે, તો બીજી તરફ લારા દત્તા વર્ષ ૨૦૦૦માં મિસ યુનિવર્સ બની હતી. આ દરમિયાન લારા મહેશ ભૂપતિ સાથેની મુલાકાતમાં તેને પ્રેમ કરવા લાગી હતી. મહેશ ભૂપતિ સાથેની મુલાકાતમાં લારા દત્તા તેને પ્રેમ કરવા લાગી હતી. મહેશ ભૂપતિ સાથેની મુલાકાતમાં લારા દત્તાને તેને પ્રેમ કરવા લાગી હતી. આ લગ્નથી તેમને સાયરા ભૂપતિ નામની પુત્રી છે. સાયરાનો જન્મ ૨૦ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ થયો હતો. લારા સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે. મહેશ ભૂપતિ સાથે લગ્ન કર્યા પહેલા પણ લારા રિલેશનશિપમાં હતી. રિપોર્ટ્સ અનુસાર, તે એક્ટર-મોડલ કેલી દોરજી સાથે ૯ વર્ષથી રિલેશનશિપમાં હતી. તે બોલિવૂડ એક્ટર ડીનો મોરિયાને પણ ડેટ કરી ચૂકી છે.

# લગ્ન કરતા પહેલા લોકોએ લિવ-ઈન રિલેશનશિપમાં રહેવાનો પ્રયાસ કરવો

## ઝીનત અમાને પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે લગ્ન કરતા પહેલા લોકોએ લિવ-ઈન રિલેશનશિપમાં રહેવાનો પ્રયાસ કરવો જોઈએ

ઝીનત અમાન, જે ભૂતકાળની સુપરસ્ટાર હતી, તે હવે યુવા પેઢીમાં પણ લોકપ્રિય છે. ઝીનત સોશિયલ મીડિયા દ્વારા તેના ચાહકો સાથે જોડાયેલી છે, ત્યારે તે તેની પોસ્ટ અને વાતો દ્વારા યુવા વપરાશકર્તાઓની પ્રિય બની ગઈ છે. થોડા દિવસો પહેલા ઝીનત અમાને લગ્ન પહેલા સાથે રહેવા વિશે એક પોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે ફેન્સને લગ્ન પહેલા લિવ-ઈન કરવાની સલાહ આપી હતી. અભિનેત્રી મુમતાઝે આ મામલે ઝીનતને ટોણો માર્યો હતો. હવે તેણે આનો જવાબ આપ્યો છે. ઝીનત અમાને પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે લગ્ન કરતા પહેલા લોકોએ લિવ-ઈન રિલેશનશિપમાં રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. તે તેના પુત્રોને પણ આ જ સલાહ આપે છે. કોઈને થોડા કલાકો માટે તમારું સર્વશ્રેષ્ઠ આપવું ખૂબ જ સરળ છે, પરંતુ ખરી કસોટી એ છે કે રોજબરોજની વસ્તુઓની વચ્ચે એક સાથે જીવવામાં સક્ષમ થવું. મુમતાઝને એક ઈન્ટરવ્યુમાં અભિનેત્રીના આ નિવેદન અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. મુમતાઝે કહ્યું કે ઝીનત અમાનને સંબંધો અંગે સલાહ આપવાનો કોઈ ખાસ અધિકાર નથી, કારણ કે તેના પોતાના લગ્ન નરકથી ઓછા નહોતા. ઝૂમ સાથેની વાતચીતમાં મુમતાઝે કહ્યું હતું કે, ‘ઝીનતે ધ્યાન રાખવું જોઈએ કે તે શું સલાહ આપી રહી છે. તેણીએ સોશિયલ મીડિયા પર અચાનક લોકપ્રિયતા મેળવી છે, હું તેના શાનદાર આંટી જેવા દેખાવાના ઉત્સાહને સમજું છું.



પરંતુ આપણી નૈતિક વિચારસરણીની વિરુદ્ધ સલાહ આપીને તમારા અનુયાયીઓ વધારવા એ યોગ્ય નથી. ઉદાહરણ તરીકે ઝીનતને લો... તે મઝહર ખાનને લગ્નના ઘણા વર્ષો પહેલા ઓળખતી હતી. તેમના લગ્ન નરકથી ઓછા નહોતા. તેથી તેઓએ સંબંધો અંગે સલાહ ન આપવી જોઈએ. ઝીનત અમાને હિન્દુસ્તાન ટાઈમ્સ સાથેની વાતચીતમાં મુમતાઝના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું, ‘દરેકનો પોતાનો અભિપ્રાય છે. મેં ક્યારેય બીજાના અંગત જીવન પર ટિપ્પણી કરી નથી કે મારા કોઈ સાથી કલાકારનું અપમાન કર્યું નથી. અને હું હજી પણ તે કરીશ નહીં. વરિષ્ઠ અભિનેત્રી સાયરા બાનુ પણ ઝીનત અમાનની વાત સાથે સહમત નથી.

# ઓડિયન્સને ડબલ રોલવાળી ફિલ્મો વધુ પસંદ

## કોરોના બાદના સમયમાં બોલિવૂડને હંફાવનારી સાઉથની ઈન્ડસ્ટ્રી માટે ૨૦૨૪નું વર્ષ પણ સારું રહ્યું છે

RRRની સફળતા પછી જુનિયર એનટીઆરની ડીમાન્ડ વધી છે. આ વર્ષે તેમની બિગ બજેટ ફિલ્મ દેવરા પાર્ટ ૧ રિલીઝ થવાની છે. તેમાં જાન્હવી કપૂર અને સૈફ અલી ખાન પણ મહત્ત્વના રોલમાં છે. ૧૦ ઓક્ટોબરે તેને રિલીઝ કરવાનો પ્લાન છે. દેવરા પાર્ટ ૧ માટે ૩૦૦ કરોડનું બજેટ રખાયું છે. આ ફિલ્મમાં જુનિયર એનટીઆરના ટ્રિપલ રોલ હોવાનું કહેવાય છે. મેકર્સ તરફથી આ અંગે ખુલાસો થયો નથી. ફિલ્મના પોસ્ટરમાં પણ જુનિયર એનટીઆરનો એક જ લૂક જોવા મળે છે. જેથી બીજા પાર્ટમાં તેમનો અલગ અવતાર આવે તેવી શક્યતા છે. સાઉથનો સ્ટાર બોલિવૂડના મોટા બેનર માટે પણ માનીતો બન્યો છે. યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સમાં જુનિયર એનટીઆરની પસંદગી થઈ છે. રિતિક રોશન સાથે ‘વોર ૨’માં જુનિયર એનટીઆરને વિલનનો રોલ અપાયો છે. આ ફિલ્મમાં તેમના ડબલ રોલ હોવાનું કહેવાય છે. એક રોલમાં જુનિયર એનટીઆર પોઝિટિવ કેરેક્ટરમાં જોવા મળશે, જ્યારે બીજા રોલમાં તે ખૂંખાર વિલન બનશે. થલપતિ વિજયે એક્ટિંગને અલવિદા કહી રાજકારણમાં ઝંપલાવવાનું એલાન કરી દીધું છે. તેમની સેકન્ડ લાસ્ટ ફિલ્મ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ છે. આ ફિલ્મને વેંકટ પ્રભુ ડાયરેક્ટ કરી રહ્યા છે. ફિલ્મના પોસ્ટર



પરથી વિજયના ડબલ રોલ હોવાનું લાગે છે. એક લૂકમાં વિજયને યંગ બતાવવામાં આવ્યા છે, જ્યારે બીજામાં તે ઉંમરલાયક છે. આમ પિતા-પુત્રના ડબલ રોલમાં વિજય જોવા મળે તેવી શક્યતા છે. આ ફિલ્મને સાયન્સ ફિક્શન કહેવામાં આવે છે, જે ટાઈમ ટ્રાવેલિંગની વાત કરે છે. ફિલ્મની રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી. તમિલ સુપરસ્ટાર સૂર્યાની ‘કંગુવા’નું ટીઝર તાજેતરમાં રિલીઝ થયું હતું. સૂર્યાના એક્શન અવતારની સાથે બોબી દેઓલનો ખૂંખાર લૂક તેમાં જોવા મળ્યો હતો. આ પિરિયડ ડ્રામાને સિરુથાઈ શિવા ડાયરેક્ટ કરી રહ્યા છે અને તેનું બજેટ રૂ.૩૦૦ કરોડનું મનાય છે. ફિલ્મના ટીઝરમાં સૂર્યાના ડબલ રોલ અંગે ખુલાસો થયો ન હતો, પરંતુ ૧૫ એપ્રિલે સૂર્યાએ એક પોસ્ટર શેર કરીને પોતાના બંને કેરેક્ટરની ઝલક આપી હતી. ફિલ્મની સ્ટોરીમાં પણ બે ટાઈમલાઈન છે. તેમાં ૫૦૦ વર્ષ પહેલાના સમાજ અને હાલના સમયને રજૂ કરવામાં આવશે. જો કે બોબી દેઓલની ટક્કર એક જ સૂર્યા સાથે છે, જે ૫૦૦ વર્ષ અગાઉની ઘટનામાં જોવા મળશે. કમલ હાસનની ફિલ્મ ઈન્ડિયન ૧૯૯૬ના વર્ષમાં બ્લોક બસ્ટર રહી હતી. ૨૭ વર્ષે તેની સીક્વલ આવી રહી છે, જે ૧૩ જૂને થીયેટરમાં રિલીઝ થવાની છે. પહેલા પાર્ટમાં કમલ હાસનના ડબલ રોલ હતા.

# ૨૯મી જૂન ૨૦૨૪થી શરૂ થતી ચારધામની યાત્રા માટે જવા માંગતા યાત્રાળુઓનું ઓનલાઇન, ઓફલાઇન રજિસ્ટ્રેશન શરૂ



। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

ઉત્તરાખંડ રાજયમાં આવેલ પવિત્ર ચાર ધામના દર્શને જવા માટે છ મહિનાથી જોવાઈ રહેલી આતુરતાનો હવે અંત આવવાનો સમય આવી ગયો છે. ચાર ધામ યાત્રા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનઉત્તરાખંડટુરીઝમનીસત્તાવારવેબસાઈટ પરથી ચાર ધામ યાત્રા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકાય છે. આ સિવાય યાત્રાળુઓ વોટ્સએપ અને ટોલ ફ્રી નંબર દ્વારા પણ પોતાની યાત્રા અંગે રજિસ્ટ્રેશન કરાવી શકશે. તીર્થયાત્રીઓની મદદ માટે ઉત્તરાખંડ પ્રવાસન વિકાસ પરિષદની ઓફિસમાં કોલ સેન્ટર ફણ ચલાવવામાં આવશે. આ ઉપરાંત આ વખતે ઋષિકેશ ચાર ધામ યાત્રા ટ્રાન્ઝિટ કેમ્પમાં, ચારધામની યાત્રા માટે જરૂરી રજિસ્ટ્રેશન માટે ૮ કાઉન્ટર પણ બનાવવામાં આવ્યા છે.

ઉત્તરાખંડને દેવોની ભૂમિ કહેવામાં આવે છે. અહીં હિમાલય પર્વતમાળામાં હિંદુ ધર્મના ચાર પવિત્ર તીર્થસ્થળો આવેલા છે. જેને ચાર ધામ કહેવામાં આવે છે. આ ચાર ધામ ઉત્તરાખંડ રાજ્યના ગઢવાલ વિભાગના ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ અને ચમોલી જિલ્લામાં આવેલા છે. આ સર્કિટમાં ચાર ધામ બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી આવેલ છે. તેમાંથી બદ્રીનાથ ધામ એ ભારતના મુખ્ય ચાર ધામોનું ઉત્તરીય ધામ પણ મનાય છે. ઊંચાઈ પર આવેલું આ મંદિર વર્ષમાં લગભગ ૬ મહિના સુધી બંધ રહે છે. આ મંદિરો દર વર્ષે ઉનાળામાં ખુલે છે અને વરસાદની ઋતુ પછી શિયાળાની શરૂઆત થતા જ બંધ થાય છે. ચારધામના દરવાજા આશરે છ મહિના માટે યાત્રીકો માટે ખુલ્લા રહે છે. આ ૬ મહિના દરમિયાન દેશ અને દુનિયામાંથી ભક્તો ચાર ધામના દર્શન કરવા આવે છે. ચાર ધામ યાત્રા યમુનોત્રીથી શરૂ થાય છે, પછી ગંગોત્રી તરફ આગળ વધે છે. આ પછી કેદારનાથના દર્શન કર્યા બાદ ચાર ધામ યાત્રા બદ્રીનાથ ધામના દર્શન સાથે સમાપ્ત થાય છે. કેટલાક ભક્તો કેદારનાથ અને બદ્રીનાથ ધામમાં જ જાય છે. ઉત્તરાખંડના ચાર ધામ બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રી માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા આજથી શરૂ થઈ ગઈ છે. આ ચારેય ધામોના દરવાજા મે મહિનામાં ખુલશે. કેદારનાથના દરવાજા ૧૦ મે ૨૦૨૪ના રોજ ખુલશે. યમુનોત્રી અને ગંગોત્રીના દરવાજા પણ ૧૦ મેના રોજ ખુલશે. જ્યારે બદ્રીનાથ ધામના દરવાજા આગામી ૧૨મી મેના રોજ ખુલશે. યાત્રાળુઓ વેબસાઈટ, મોબાઈલ એપ, વોટ્સએપ અને ટોલ ફ્રી નંબર દ્વારા તેમની યાત્રાની નોંધણી કરાવી શકશે.

આ માટે યાત્રાળુએ ઉત્તરાખંડ પ્રવાસન વિભાગની સત્તાવાર વેબસાઈટ **registrationandtouristcare.uk.gov.in** પર લોગઈન કરીને રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. નોંધણી માટે, તમે વોટ્સએપ નંબર – ૮૩૯૪૮૩૩૮૩૩ પર મેસેજ 'યાત્રા' મોકલીને પણ નોંધણી કરાવી શકો છો. આ ઉપરાંત, પ્રવાસન વિભાગના ટોલ ફ્રી નંબર – ૦૧૩૫-૧૩૬૪ પર કૉલ કરીને નોંધણી કરવાની સુવિધા પણ છે. **touristcarerttarakhand** મોબાઈલ એપ દ્વારા પણ રજિસ્ટ્રેશન કરાવી શકાશે. પ્રવાસ નોંધણી સંબંધિત કોઈપણ માહિતી મેળવવા માટે, ઉત્તરાખંડ પ્રવાસન વિકાસ પરિષદના કાર્યાલયમાં એક કોલ સેન્ટર શરૂ કરવામાં આવશે, જેના પર સવારે ૭ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી કોલ કરીને નોંધણી સંબંધિત માહિતી મેળવી શકાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે કોઈ પણ ધામ માટે તીર્થયાત્રીઓની સંખ્યા મર્યાદિત નથી કરાઈ.

# IREDAની GIFT સિટી ઓફિસ ગ્રીન હાઇડ્રોજન અને રિન્યુએબલ એનર્જી મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપશે


## નેશનલ ગ્રીન હાઇડ્રોજન મિશન હેઠળ લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે ઊર્જા સંગ્રહ કુંજી : વર્લ્ડ ફ્યુચર એનર્જી સમિટ ૨૦૨૪માં IREDA CMD




। નવીદિલ્હી, તા.૧૮ ।

ઈન્ડિયન રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી લિમિટેડ (આઈઆરઈડીએ)એ ગિફ્ટ સિટી, ગાંધીનગરમાં ઓફિસ ખોલી છે, જે વિદેશી ચલણમાં ધિરાણ વિકલ્પો પ્રદાન કરવામાં નિષ્ણાત હશે. જેનાથી કુદરતી હેજિંગને સુવિધા મળશે અને ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જી મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ્સ માટે ધિરાણ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો કરશે. ૧૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ અબુ ધાબીમાં વર્લ્ડ ફ્યુચર એનર્જી સમિટ ૨૦૨૪ ખાતે આયોજિત "લાંબા સમયગાળાના ઉર્જા સંગ્રહ માટે ભાવિ વૃદ્ધિની તકો" પર પેનલ ચર્ચા દરમિયાન **IREDA**ના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રદિપ કુમાર દાસ દ્વારા વ્યૂહાત્મક પહેલ પર પ્રકાશ ફેંક્યો, જે હરિયાળા ભવિષ્ય તરફ દેશની સફરમાં યોગદાન આપશે. **IREDA**ના **CMD**એ નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનના ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૫ મિલિયન મેટ્રિક ટન **(MTPA)**થી વધુ હાઈડ્રોજન ઉત્પાદનના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને હાંસલ કરવામાં ઊર્જા સંગ્રહ નિર્ણાયક ભૂમિકા ભજવશે તે વાત પર ભાર મૂક્યો હતો. તેમણે સ્ટોરેજ ટેક્નોલોજીને આગળ વધારવા માટે કેટલીક મુખ્ય પ્રાથમિકતાઓ પર પ્રકાશ ફેંક્યો હતો. સીએમડીએ ખર્ચ ઘટાડવા અને ઊર્જા સંગ્રહ સોલ્યુશન્સનું પ્રદર્શન સુધારવા માટે સંશોધન અને વિકાસ પ્રયાસો વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે એનર્જી સ્ટોરેજ ટેક્નોલોજીને સફળ રીતે કાર્યન્વિત કરવા માટે સપ્લાય ચેઈન નેટવર્કને મજબૂત બનાવતી નીતિઓના અમલીકરણની જરૂરિયાત વિશે વાત કરી હતી. તેમણે વધુમાં કહ્યું હતું કે, સ્પર્ધાત્મક અને અનુરૂપ નાણાકીય ઉકેલો પ્રદાન કરવાથી ઊર્જા સંગ્રહ પ્રોજેક્ટ્સમાં રોકાણને પ્રોત્સાહન મળશે.

# સ્વદેશી ટેક્નોલોજી ધરાવતી ક્રૂઝ મિસાઈલનું ઓડિશાના દરિયાકાંઠે DRDO દ્વારા સફળતાપૂર્વક ઉડાન-પરીક્ષણ કરવામાં આવ્યું



। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૮ ।

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન **(DRDO)**એ ૧૮ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ઓડિશાના દરિયાકાંઠે ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ **(ITR)**, ચાંદીપુર ખાતેથી ઈન્ડિજિનસ ટેક્નોલોજી ક્રૂઝ મિસાઈલ **(ITCM)** નું સફળ ઉડાન-પરીક્ષણ હાથ ધર્યું હતું. પરીક્ષણ દરમિયાન, તમામ સબસિસ્ટમ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અપેક્ષા મુજબ. ફ્લાઈટ પાથના સંપૂર્ણ કવરેજને સુનિશ્ચિત કરવા માટે વિવિધ સ્થળોએ **ITR** દ્વારા તૈનાત રડાર, ઈલેક્ટ્રો ઓપ્ટિકલ ટ્રેકિંગ સિસ્ટમ **(EOTS)** અને ટેલિમેટ્રી જેવા ઘણા રેન્જ સેન્સર્સ દ્વારા મિસાઈલની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ભારતીય વાયુસેનાના **Su-30-Mk-I** એરક્રાફ્ટથી પણ મિસાઈલની ઉડાન પર નજર રાખવામાં આવી હતી.

મિસાઈલે વે પોઈન્ટ નેવિગેશનનો ઉપયોગ કરીને ઈચ્છિત માર્ગને અનુસર્યો અને ખૂબ જ ઓછી ઉંચાઈ પર દરિયાઈ સ્કિમિંગ ફ્લાઈટનું પ્રદર્શન કર્યું. આ સફળ ફ્લાઈટ પરીક્ષણે ગેસ ટર્બાઇન રિસર્ચ એસ્ટાબ્લિશમેન્ટ **(GTRE)**, બેંગલુરુ દ્વારા વિકસિત સ્વદેશી પ્રોપલ્શન સિસ્ટમની વિશ્વસનીય કામગીરી પણ સ્થાપિત કરી છે.

વધુ સારી અને વિશ્વસનીય કામગીરી સુનિશ્ચિત કરવા માટે મિસાઈલ અદ્યતન એવિઓનિક્સ અને સોફ્ટવેરથી પણ સજ્જ છે. આ મિસાઈલ બેંગલુરુ સ્થિત **DRDO** લેબોરેટરી એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ **(ADE)** દ્વારા અન્ય પ્રયોગશાળાઓ અને ભારતીય ઉદ્યોગોના યોગદાન સાથે વિકસાવવામાં આવી છે. ઉત્પાદન ભાગીદારના પ્રતિનિધિઓ સાથે વિવિધ **DRDO** પ્રયોગશાળાઓના ઘણા વરિષ્ઠ વૈજ્ઞાનિકો દ્વારા આ પરીક્ષણ જોવા મળ્યું હતું.

રક્ષા મંત્રી શ્રી રાજનાથ સિંહે **DRDO**ને **ITCM**ના સફળ ઉડાન-પરીક્ષણ માટે અભિનંદન પાઠવ્યા છે અને જણાવ્યું છે કે સ્વદેશી પ્રોપલ્શન દ્વારા સંચાલિત સ્વદેશી લાંબા અંતરની સબસોનિક ક્રૂઝ મિસાઈલનો સફળ વિકાસ એ ભારતીય સંરક્ષણ સંશોધન અને વિકાસ માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.

સંરક્ષણ વિભાગના સચિવ આર એન્ડ ડી અને ચેરમેન ડીઆરડીઓ ડૉ. સમીર વી કામતે **DRDO**ની સમગ્ર ટીમને **ITCM** લોન્ચના સફળ સંચાલન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# અમેરિકા, કેનેડા અને યુરોપ જવું પડી શકે છે મોંઘુ

। (એજન્સી) નવીદિલ્હી,તા.૧૮ ।

ઈરાન અને ઈઝરાયેલ યુદ્ધની સ્થિતિ વચ્ચે હવે એક મોટી અપડેટ સામે આવી છે. વાત જાણે એમ છે કે, આગામી દિવસોમાં અમેરિકા, કેનેડા અને યુરોપનો પ્રવાસ મોંઘો થઈ શકે છે. પશ્ચિમ એશિયામાં તણાવને કારણે એરલાઈન્સ કંપનીઓ ઈરાનની એરસ્પેસ ટાળી રહી છે. આ કારણે ફ્લાઈટ્સ સામાન્ય મુસાફરીના સમય કરતાં ૪૫ મિનિટ વધુ સમય લઈ રહી છે. એર ઈન્ડિયા, વિસ્તારા અને ઈન્ડિગો સહિત અનેક એરલાઈન્સ કંપનીઓના વિમાન ઈરાનની એરસ્પેસ ટાળી રહ્યા છે. તેઓ મધ્ય એશિયા અને અરેબિયન દ્વીપકલ્પ પર ઉડી રહ્યા છે. આ કારણે તેમને વધુ ઈંધણની જરૂર પડી રહી છે. ઈંધણની કિંમતમાં વધારાને કારણે આ કંપનીઓ પર દબાણ વધ્યું છે. જો આ સમસ્યા લાંબા સમય સુધી ચાલુ રહેશે તો આગામી દિવસોમાં અમેરિકા અને યુરોપ જતા મુસાફરોને વધુ ભાડું ચૂકવવું પડી શકે છે.વાસ્તવમાં ઈરાને ઈઝરાયેલ પર સેંકડો મિસાઈલો અને ડ્રોન છોડ્યા હતા. આશંકા છે કે ઈઝરાયેલ બદલો લઈ શકે છે. આ જ કારણ છે કે એવિએશન કંપનીઓ ઈરાનની એરસ્પેસનો ઉપયોગ કરવાનું ટાળી રહી છે. દિલ્હી અને મુંબઈથી લંડન, પેરિસ, ફ્રેન્કફર્ટ અને ન્યૂયોર્ક જેવા શહેરોની ફ્લાઈટમાં ૧૫ થી ૪૫ મિનિટનો વધુ સમય લાગી રહ્યો છે. ટાટા ગ્રુપની એરલાઈન વિસ્તારાનું કહેવું છે કે, તેના વિમાનો ઈમરજન્સી રૂટનો ઉપયોગ કરી રહ્યા છે. જેના કારણે ફ્લાઈટનો સમય વધી ગયો છે અને ફ્લાઈટ્સ મોડી પડી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે, ભારતથી અમેરિકા, કેનેડા, યુરોપ અને મધ્ય પૂર્વના દેશોના હવાઈ ભાડામાં વધારો થઈ શકે છે.

# છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૭૨૫૧ વૃક્ષો કાપવા માટે મંજુરી આપવામાં આવી

। અમદાવાદ, તા.૧૮ ।

એકતરફ અમદાવાદ મ્યુનિ.કો. **"Beat the heat"** નામનું કેમ્પેઇન ચલાવે છે શહેરમાં ઠેર ઠેર બેનર લગાવી જાહેરાત કરવામાં આવે છે. બીજીતરફ વિકાસના નામે હજારો વૃક્ષો કાપવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટી ના રાજમાં બગીચાઓ અને તળાવોની પરિસ્થિતિ હાલમાં ખુબ જ ચિંતાજનક છે.

તળાવ સુકાઈ ગયા છે તેની જાળવણી કરવામાં આવતી નથી. અમદાવાદ મ્યુનિ. કો. દર વર્ષે ચોમાસામાં વૃક્ષારોપણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ ચોમાસા બાદ આશરે ૪૦% થી વધુ વૃક્ષો જાળવણી ન થતા બળી જાય છે. જે સાબીત કરે છે કે ભારતીય જનતા પાર્ટીને વાહવાહી લુટવા ફકત વૃક્ષો રોપવા અને બગીચાઓ બનાવવામાં જ રસ છે પરંતુ વૃક્ષો કે બગીચાઓની સાર સારસંભાળ, જાળવણી કરવામાં કોઈ જરાય રસ નથી કેમ કે છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૭૨૫૧ વૃક્ષો કાપવા માટે મંજુરી આપવામાં આવેલ છે. અમદાવાદ શહેરમાં સતત વધી રહેલા કૉંકીટના જંગલો વચ્ચે અમદાવાદ મ્યુનિ. કો. અમદાવાદ શહેરને ગ્રીન કવર, ગ્રીન સીટી બનાવવાની વાતો કરે છે પરંતુ હાલમાં વૃક્ષો બળી રહ્યા છે અને તળાવો સુકાઈ ગયા છે.

શહેરમાં હવા અશુદ્ધ છે અને શહેરના નાગરીકો આ ઝેરીલી હવા લઈ રહયા છે.જેના કારણે દિન પ્રતિ દિન શ્વાસ, દમ અને ફેફસાના દર્દીઓમાં વધારો થતો જાય છે જે શહેરના નાગરીકો માટે ચિંતાનો વિષય છે. કોર્પોરેશનના સત્તાધીશો દ્વારા દર વર્ષે બજેટમાં કલીન સીટી, ગ્રીન સીટી, ઝીરો વેસ્ટ સીટી અને પોલ્યુશન ફ્રી સીટી તથા ડસ્ટ ફ્રી સીટી બનાવવાની ઘણા વર્ષોથી જાહેરાત તો થાય છે પરંતુ તેની સામે માત્ર આંશિક અમલ થાય છે આ કારણથી અમદાવાદ શહેરમાં દિવસે અને દિવસે હવાના પ્રદુષણની માત્રા સતત વધતી જાય છે. અમદાવાદ શહેરમાં **Air Quality Index (AQI)** દિવસે દિવસે ખરાબ થઈ રહ્યો છે. આ અંગે કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારની ગ્રાન્ટનો પુરો લાભ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન લઈ શકતી નથી જે ભારતીય જનતા પાર્ટીની વહીવટી નિષ્ફળતા બતાવે છે.

# માત્ર એક ભારતીય કંપનીએ બનાવેલી શાહી માત્ર ભારત જ નહિ, ૩૦ દેશોમાં લોકશાહીની રક્ષક



। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૮ ।

દેશમાં ચૂંટણીનો માહોલ છે. તેની સૌથી મોટી ઓળખ આંગળી પર શાહીનું નિશાન છે, જે તાત્કાલિક ભુંસાતુ નથી. પરંતુ શું તમે જાણો છો કે ચૂંટણીમાં ધાંધલ ધમાલ રોકવા માટે 'વિશ્વાસ'ના પ્રતીક તરીકે લાવવામાં આવેલી આ શાહી માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ૩૦ દેશોમાં લોકશાહીની રક્ષક છે. માત્ર એક ભારતીય કંપની જ તેનું ઉત્પાદન કરે છે. મૈસૂર પેઈન્ટ્સ અને વાર્નિશ ૧૯૬૨ થી આ શાહીના એકમાત્ર સપ્લાયર છે. આ શાહીનો ઉપયોગ મતદાતાએ મત આપ્યા બાદ તેની આંગળી પર લગાવીને ચૂંટણીમાં કરવામાં આવે છે. આ દર્શાવે છે કે તેણે પોતાની મતાધિકારનો ઉપયોગ કર્યો છે અને હવે તે ફરી મતદાન કરી શકશે નહીં. પરંતુ જાણો આ શાહીની વાસ્તવિક શરૂઆત ૧૯૩૭ થી થાય છે.

મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ કંપનીની રચના ૧૯૩૭માં મૈસુર રાજ્યના તત્કાલીન મહારાજા નલવડી કૃષ્ણરાજા વાડયાર દ્વારા 'મૈસુર લાખ એન્ડ પેઈન્ટ્સ વર્ક્સ' તરીકે કરવામાં આવી હતી. તે સમયે મૈસૂર અને નાગરહોલના જંગલોમાંથી એકત્ર કરાયેલા આ એકમમાં 'લાખ' (જંતુઓમાંથી મેળવવામાં આવતો પદાર્થ) બનાવવાનું કામ કરવામાં આવતું હતું. તેનો હેતુ સ્થાનિક લોકોને 'લાખ' એકત્ર કરવાનું કામ આપવાનો હતો. તે સમયે લાખમાંથી બંગડીઓ બનાવવામાં આવતી હતી. ભારતીય રેલવે અને ભારતીય પોસ્ટ આ લાખની મદદથી બનેલા મીણથી પરબિડીયાઓ અને પાર્સલને સીલ કરતી હતી. બાદમાં ચૂંટણી પંચે પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરીને મતપેટીઓ સીલ કરવાની શરૂઆત કરી હતી. ચૂંટણી પંચની વિનંતી પર જ કંપનીએ અદમ્ય શાહી બનાવવાનું શરૂ કર્યું.

જ્યારે ઈન્દિરા ગાંધીએ ૧૯૮૦માં ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ પસાર કર્યો ત્યારે કંપનીએ જંગલોમાંથી સામગ્રી એકઠી કરવાનું બંધ કરી દીધું હતું. આ પછી કંપનીએ તેનું નામ બદલીને મૈસૂર પેઈન્ટ્સ એન્ડ વાર્નિશ કર્યું. આજે સીલિંગ માટે વપરાતા મીણમાં લાખનો ઉપયોગ થતો નથી. જો કે કંપની હજુ પણ કેટલીક કુદરતી પોલિશ બનાવે છે, જેમાં રોઝવૂડ અને ટીકવુડથી લઈને વૃંદાવન આલ્કોહોલિક પોલિશનો સમાવેશ થાય છે. કંપની ૧૯૪૦ થી મૂળ ફોર્મ્યુલેશન પર આ પોલિશનું ઉત્પાદન કરી રહી છે.

આ કંપની ચૂંટણી નિષ્પક્ષ રાખવા માટે તેની અદમ્ય શાહી માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના ૩૦ દેશોમાં નિકાસ કરે છે. જેમાં થાઈલેન્ડ, સિંગાપોર, નાઈજીરીયા, મલેશિયા, કંબોડિયા અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. બીજી ખાસ વાત એ છે કે આ શાહીની ફોર્મ્યુલા અમુક પસંદગીના કર્મચારીઓને જ કહેવામાં આવે છે અને તે તેમના નિવૃત્તિ પછી જ તેને પાસ ઓન કરવામાં આવે છે.

# શું ઈઝરાયલ અને ઈરાનના સંઘર્ષથી ત્રીજું વિશ્વ યુદ્ધ શરૂ થવાનું છે?

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૮ ।

પ્રજ્ઞાચક્ષુ બાબા વેંગાએ દુનિયા જોઈ નથી પરંતુ તેમણે તેના ભવિષ્ય વિશે જે કંઈ પણ જણાવ્યું તેના કારણે તેઓ વિશ્વભરમાં ફેમસ થઈ ગયા. પછી ભલે તે અમેરિકા પર ૯/૧૧ નો ભીષણ હુમલો હોય કે કોવિડ વાયરસની મહામારી, બાબા વેંગાએ જે પણ જણાવ્યું હતું તે સાચુ સાબિત થયું. આવી જ એક ભવિષ્યવાણી બાબા વેંગાએ વર્ષ ૨૦૨૪માં ત્રીજા વિશ્વ યુદ્ધને લઈને કરી હતી. ઈરાનના ઈઝરાયલ પર હુમલા બાદ હવે લોકોને ડર લાગવા લાગ્યો છે કે શું બાબા વેંગાની આ ભવિષ્યવાણી પણ સાચી પડશે. બાબા વેંગાનો જન્મ બુલ્ગારિયામાં ૧૯૧૧માં થયો હતો. બાળપણમાં જ પોતાની આંખોની રોશની ગુમાવનાર બાબા વેંગાને દુનિયાનું ભવિષ્ય સ્પષ્ટ દેખાતું, તેના કારણે તેમને બાલ્કનના નાસ્ત્રેદમસ કહેવામાં આવે છે. તેમણે ૫૦૦૦થી વધુ ભવિષ્યવાણીઓ કરી હતી જેમાં ઘણી સાચી સાબિત થઈ.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમને કોઈક સારા સમચાર મળશે જે તમને જ નહીં પણ તમારા પરિવારના સભ્યોને પણ ખુશખુશાલ કરી મુકશે. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો. નવા પ્રકલ્પ તથા યોજનાઓને અમલમાં મુકવા માટે સારો દિવસ.

### વૃષભ (બ,વ,ઉ) :

આજના દિવસે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે.

### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

### કર્ક (ડ,હ) :

આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલોનું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. આજે તમારે તમારા દૈનિક સમયપત્રકમાંથી બ્રૅક લઈ તમારા મિત્રો સાથે બહાર જવું જોઈએ.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. તમારા પ્રિયપાત્રને કશું કઠોર ન કહેવાનો પ્રયાસ કરજો.

### કન્યા (પ,ઠ,ણ) :

આજના દિવસે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. તમારા જીવનસાથીની સંગતમાં રાહત-આરામ તથા પ્રેમ શોધો. તમારા પ્રિયપાત્રને કશું કઠોર ન કહેવાનો પ્રયાસ કરજો.

### તુલા (ર,ત) :

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે નફરતની લાગણી મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

### ધન (ભ,ધ,ફ) :

આજના દિવસે આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. આજે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરશો- પણ વાસ્તવવાદી રહો તથા તમારી તરફ મદદનો હાથ લંબાવનારા'ઓ તરફથી ચમત્કારની અપેક્ષા રાખતા નહીં.

### મકર (ખ,જ) :

આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.

### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. લાંબા સમયથી કોઈક સાથે ચાલતો તમારો વિવાદ આજે ઉકેલવાનો પ્રયાસ કરો કેમ કે આવતી કાલે કદાચ બહુ મોડું થઈ જશે.

**ન્યૂઝ બ્રિફ**

## પાકિસ્તાનમાં ભારે વરસાદને કારણે ચાર દિવસમાં ૬૩ લોકોના મોત

। (એજન્સી) લાહોર, તા.૧૮ ।

પાકિસ્તાનમાં વીજળી અને ભારે વરસાદને કારણે ચાર દિવસમાં ૬૩ લોકોના મોત થયા છે. ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર સૌથી વધુ મોત પાકિસ્તાનના ઉત્તર પશ્ચિમમાં સ્થિત ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયા છે. અહીં બિલ્ડિંગ ધરાશાયી થવાને કારણે ૩૨ લોકોના મોત થયા હતા, જેમાં ૧૫ બાળકો અને પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પ્રવક્તા ખુશીદ અનવરના જણાવ્યા અનુસાર ઉત્તર-પશ્ચિમમાં ડઝનેક લોકો ઘાયલ થયા છે અને ૧૩૭૦ મકાનોને નુકસાન થયું છે. આંકડાઓ અનુસાર, પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં વીજળી પડવાની અને મકાન ધરાશાયી થવાની ઘટનાઓમાં ૨૧ લોકોના મોત થયા છે, જ્યારે બલૂચિસ્તાનમાં ૧૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. બલૂચિસ્તાનમાં બુધવારે બચાવ અને રાહત કામગીરી ચાલુ છે, જોકે વરસાદનો ખતરો હજુ પણ યથાવત છે.

## સ્વીડનમાં લિંગ બદલવું સરળ બન્યું, સંસદમાં કાયદો પસાર થયો

। (એજન્સી) સ્ટોકહોમ, તા.૧૮ ।

લગભગ ૬ કલાક સુધી ચાલેલી ચર્ચા બાદ ૨૩૪ સાંસદોએ પક્ષમાં, ૯૪ વિરોધમાં અને ૨૧ ગેરહાજર રહ્યા હતા. સ્વીડનના રૂઢિચુસ્ત વડા પ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસનનું કેન્દ્ર-જમણેરી ગઠબંધન આ મુદ્દા પર વિભાજિત થયું હતું. સ્વીડનની સંસદે બુધવારે એક કાયદો પસાર કર્યો હતો જેમાં લોકો માટે કાયદાકીય રીતે લિંગ બદલવા માટે જરૂરી વય ૧૮ થી ૧૬ કરવામાં આવી હતી. જો કે, ૧૮ વર્ષથી ઓછી ઉંમરના યુવાનોને હજુ પણ માતા-પિતા, ડોકટરો અને નેશનલ બોર્ડ ઓફ હેલ્થ એન્ડ વેલ્ફેર પાસેથી પરવાનગી લેવાની જરૂર પડશે.હવે લિંગ ડિસફોરિયા નિદાનની જરૂર રહેશે નહીં. તબીબી વ્યાવસાયિકોના મતે, જેન્ડર ડિસફોરિયા એ એવા લોકો દ્વારા અનુભવવામાં આવતો માનસિક તણાવ છે જેમની લિંગ અભિવ્યક્તિ તેમની લિંગ ઓળખ સાથે મેળ ખાતી નથી.લગભગ ૬ કલાક સુધી ચાલેલી ચર્ચા બાદ ૨૩૪ સાંસદોએ પક્ષમાં, ૯૪ વિરોધમાં અને ૨૧ ગેરહાજર રહ્યા હતા. સ્વીડનના રૂઢિચુસ્ત વડા પ્રધાન ઉલ્ફ ક્રિસ્ટરસનનું કેન્દ્ર-જમણેરી ગઠબંધન આ મુદ્દા પર વિભાજિત થયું હતું. ડેનમાર્ક, નોર્વે, ફિનલેન્ડ અને સ્પેન એવા દેશોમાં સામેલ છે જ્યાં પહેલાથી સમાન કાયદા છે.

## દિલ્હીના ત્રિલોકપુરીમાં યુવકની છરીના ઘા મારી હત્યા કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હીના ત્રિલોકપુરીમાં એક યુવકની ચાકુ મારીને હત્યા કરવામાં આવી હતી. તેમને ઈજાગ્રસ્ત હાલતમાં લાલ બહાદુર શાસ્ત્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મૃત્યુ થયું હતું. પોલીસે કહ્યું છે કે આ વિસ્તારમાં અન્ય બે લોકોને પણ ચાકુ મારવામાં આવ્યા છે.આ મામલે પૂર્વ દિલ્હીના ડીસીપી કહ્યું કે અમને લાલ બહાદુર શાસ્ત્રી હોસ્પિટલમાંથી માહિતી મળી હતી કે અહીં એક ઘાયલ વ્યક્તિને દાખલ કરવામાં આવ્યો હતો અને તેનું મોત થયું હતું. અમે હકીકતો ચકાસી રહ્યા છીએ અને વધુ માહિતી એકઠી કરી રહ્યા છીએ. બપોરે વધુ બે લોકોને અહીં દાખલ કરવામાં આવ્યા હતા. તે પણ ઘાયલ થયો છે, તેને ઉચ્ચ કેન્દ્રમાં રીફર કરવામાં આવ્યો છે, પરંતુ અમે તેની પુષ્ટિ કરી શક્યા નથી.આ પહેલા પૂર્વ દિલ્હીના શકરપુર વિસ્તારમાં ડબલ મર્ડરનો મામલો સામે આવ્યો હતો. અહીં એક વ્યક્તિએ તેની પત્ની અને સાળાની હત્યા કરી હતી અને ગુનો કર્યા બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. જોકે, થોડા સમય બાદ તેણે પોતે પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. આરોપી શ્રેયાંસ આઈટી કંપનીમાં નોકરી કરતો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, તેમને ૧૭ એપ્રિલે સવારે ૧૦.૧૫ વાગ્યે શકરપુરથી ઝઘડાનો ફોન આવ્યો હતો.




મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં ચૂંટણીના પ્રથમ તબક્કાની તૈયારીઓની ઝલક.

# મારી પત્નીને કંઈ થશે તો હું તેને નહીં છોડું : ઈમરાન ખાન

## ઈમરાન ખાને કહ્યું કે આમી ચીફ અસીમ મુનીર પર શ્રેણીબદ્ધ આરોપો લગાવવામાં આવ્યા છે

। (એજન્સી) લાહોર, તા.૧૮ ।

ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં બંધ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના સંસ્થાપક અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનનું કહેવું છે કે તેમની બેગમ બુશરા બીબીને જેલમાં ધકેલી દેવા માટે સેના પ્રમુખ સીધા જ જવાબદાર છે.ઈમરાનની પત્ની બુશરા (૪૯) ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં છે. હાલમાં તેમને ઈસ્લામાબાદના બાની ગાલા સ્થિત તેમના નિવાસ સ્થાને નજરકેદમાં રાખવામાં આવ્યા છે.ઈમરાન ખાને અદિયાલા જેલમાં કહ્યું કે આમી ચીફ અસીમ મુનીર પર શ્રેણીબદ્ધ આરોપો લગાવવામાં આવ્યા છે. ઈમરાને કહ્યું કે મારી પત્નીને આપવામાં આવેલી સજામાં જનરલ અસીમ મુનીર સીધો સામેલ છે કારણ



કે આ સજા સંભળાવનારા જજે કહ્યું છે કે તેમને આ નિર્ણય લેવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.પૂર્વ વડાપ્રધાન ઈમરાને કહ્યું કે જો મારી પત્નીને કંઈ થઈ જશે તો હું અસીમ મુનીરને છોડીશ નહીં. જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી હું તેમને છોડીશ નહીં. હું તેમના ગેરબંધારણીય અને ગેરકાયદેસર પગલાંનો પર્દાફાશ કરીશ.ઈમરાને કહ્યું કે પાકિસ્તાનમાં જંગલનું શાસન છે અને દેશમાં જે કંઈ થઈ રહ્યું છે તે જંગલના રાજાનું કામ છે. જો જંગલનો રાજા ઈચ્છે તો નવાઝ શરીફ સામે નોંધાયેલા તમામ કેસ રદ કરવામાં આવે અને જ્યારે તેઓ ઈચ્છે ત્યારે પાંચ દિવસમાં ત્રણ કેસમાં અમને સજા કરવામાં આવે.ઈમરાન ખાનનું કહેવું છે કે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ ની લોનથી દેશની આર્થિક સ્થિતિ સ્થિર નહીં થાય. રોકાણ દ્વારા દેશની સ્થિતિ સ્થિર થશે. જંગલના કાયદાને કારણે દેશમાં રોકાણ નહીં થાય. એ વાત સાચી છે કે સાઉદી અરેબિયાને રસ છે પરંતુ ત્યાંથી રોકાણ ત્યારે જ થશે જ્યારે દેશમાં કાયદાનું શાસન હશે.તમને જણાવી દઈએ કે ઈમરાન ખાન ગયા વર્ષે ઓગસ્ટથી અદિયાલા જેલમાં કેદ છે. આ વર્ષે જાન્યુઆરીમાં ઈમરાન ખાન અને તેની પત્ની બુશરા બીબીને તોશાખાના કેસમાં દોષિત જાહેર થયા બાદ ૧૪ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. ઈમરાન ખાન અદિયાલા જેલમાં બંધ છે અને તોષાખાના કેસમાં દોષિત જાહેર થયા બાદ બુશરા બીબી પણ અદિયાલા જેલમાં આત્મસમર્પણ કરવા ગઈ હતી, પરંતુ બાદમાં ઈમરાન ખાનના નિવાસસ્થાન બનીગાલામાં કામચલાઉ જેલ બનાવીને તેને કેદ રાખવામાં આવી હતી. ઘરનો એક ભાગ જેલમાં ફેરવાઈ ગયો છે.

### પોલીસે ૩૦ કિલોમીટર સુધી પીછો કરી

## કોલેજની બહાર ફાયરિંગ કરનારા ત્રણ આરોપીઓને પકડી પાડ્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

અબોહરની ગુરુ નાનક ખાલસા કોલેજની બહાર મંગળવારે ગુંડાગીરી થઈ હતી. કોલેજની બહાર બે વિદ્યાર્થી જૂથો વચ્ચેના વિવાદ દરમિયાન બહારના તત્વો દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. આ કેસમાં પોલીસે નામના ૩ આરોપીઓની ધરપકડ કરી હતી. આ અંગે જિલ્લાના એસએસપી ડો. પ્રજ્ઞા જૈને જણાવ્યું હતું કે માહિતી મળતાની સાથે જ પોલીસની ટીમોએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસ ટીમે ઘટનાને અંજામ આપ્યા બાદ ભાગી રહેલા આરોપીઓનો લગભગ ૩૦ કિલોમીટર સુધી પીછો કર્યો હતો. આ પછી પોલીસે ત્રણ યુવકો મુકેશ કુમાર, જતિન કુમાર અને હરીશ કુમાર ઉર્ફે હેરીની ધરપકડ કરી હતી. આ દરમિયાન આરોપીઓ પાસેથી એક પિસ્તોલ ૩૨ બોર, ૧ શેલ ૩૨ બોર, ૨ તલવાર, એક બુલેટ અને બેઝબોલ મળી આવ્યા હતા.એસએસપીએ જણાવ્યું કે ધરપકડ કરાયેલ મુકેશ કુમાર ખેતી કરે છે. તે જ સમયે, અન્ય બે યુવકો મજૂરી કામ કરે છે. ત્રણેય ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવે છે. મુકેશ અને જતિન કુમાર વિરુદ્ધ ખુઈયા સરવર અને સદર પોલીસ સ્ટેશનમાં પહેલાથી જ કેસ નોંધાયેલા છે. જ્યારે હરીશ કુમાર વિરુદ્ધ બહાવલા અને શ્રીગંગાનગર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

### બે વર્ષનો વરસાદ એક જ દિવસમાં ખાબક્યો

## દુબઈમાં કૃત્રિમ વરસાદના પ્રયોગથી જળપ્રલય હોવાની શંકા સર્જાયો

### વિમાન અથવા હેલિકોપ્ટરનો ઉપયોગ કરીને વાદળોમાં સિલ્વર આયોડાઈડ અથવા પોટેશિયમ આયોડાઈડ જેવા પદાર્થોને ઉમેરો કરવામાં આવે છે

। (એજન્સી) દુબઈ, તા.૧૮ ।

સંયુક્ત આરબ અમીરાત (UAE) અને તેની આસપાસના રણ વિસ્તારોમાં મંગળવારે (૧૬મી એપ્રિલ) જોરદાર વરસાદ પડ્યો હતો. વિશ્વના સૌથી સ્માર્ટ શહેરોમાંના એક દુબઈમાં ભારે વરસાદથી રસ્તાઓ જળમગ્ન બની ગયા હતા. એરપોર્ટ, મેટ્રો સ્ટેશન અને મોલમાં પાણી ઘૂસી ગયા હતા. શાળાઓ બંધ રાખવામાં આવી હતી. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬૦ મિ.મી. વરસાદ પડ્યો હતો, જે સામાન્ય રીતે બે વર્ષમાં પડે છે. ત્યારે સવાલ એ છે કે, રણ વિસ્તોરોમાં અચાનક આટલો ભારે વરસાદ થવાનું કારણ શું?વૈજ્ઞાનિકોનું માનવું છે કે, દુબઈમાં અચાનક આટલો વરસાદ પડવાનું કારણ ક્લાઉડ સીડિંગ એટલે કે કૃત્રિમ વરસાદ છે. ગલ્ફ સ્ટેટ નેશનલ સેન્ટર ઓફ મીટીરોલોજી અનુસાર, ૧૫મી



અને ૧૬મી એપ્રિલે દુબઈના અલ એઈન એરપોર્ટ પરથી કૃત્રિમ વરસાદ માટે વિમાન ઉડાવવામાં આવ્યું હતું. આ વિમાને છેલ્લા બે દિવસમાં સાત વખત ઉડાન ભરી હતી. જેના કારણે વાતાવરણમાં ફેરફાર થયો હતો અને દુબઈમાં ભારે વરસાદ પડ્યો હતો. આ વરસાદે ૭૫ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ક્લાઉડ સીડિંગ એ કૃત્રિમ વરસાદ બનાવવાની પ્રક્રિયા છે, આ પ્રક્રિયામાં વિમાન અથવા હેલિકોપ્ટરનો ઉપયોગ કરીને વાદળોમાં સિલ્વર આયોડાઈડ અથવા પોટેશિયમ આયોડાઈડ જેવા પદાર્થોને ઉમેરવામાં આવે છે. દુબઈમાં પાણીની અછત છે. ભૂગર્ભજળનો વધુ પડતો ઉપયોગ થાય છે. તેમ છતાં પાણીની અછત રહે છે. તેથી અહીંની સરકારે કૃત્રિમ વરસાદનો સહારો લેવા પડે છે. પરંતુ આ વખતે સ્થિતિ વધુ વણસી ગયો.

## Google ઓફિસમાંથી ૯ કર્મચારીઓની ધરપકડ થઇ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૮ ।

Googleના કર્મચારીઓની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે ગુગલ ઓફિસમાં ઘૂસીને પરિસરમાં વિરોધ કરી રહેલા કર્મચારીઓની ધરપકડ કરી હતી. ગૂગલના કર્મચારીઓ કંપનીના ન્યૂયોર્ક કેમ્પસમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે કંપની ઈઝરાયેલના સમર્થનમાં કામ કરી રહી છે. આવી સ્થિતિમાં ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધની અસર કેટલી વ્યાપક રીતે ફેલાઈ રહી છે તે જોઈ શકાય છે. Google કંપનીમાં વિરોધ કરી રહેલા ૯ કર્મચારીઓની પોલીસે ધરપકડ કરી છે. તાજેતરમાં ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું છે. આ અંગે બંને પક્ષના લોકો પોતપોતાના સ્તરેથી લોકોને સમર્થન આપી રહ્યા છે. હાલમાં ગૂગલના કર્મચારીઓનો આરોપ છે કે કંપની ઈઝરાયેલને સપોર્ટ કરી રહી છે. કર્મચારીઓનું કહેવું છે કે યુદ્ધ દરમિયાન કોઈપણ દેશને પોતાની ટેક્નોલોજી અને સુવિધાઓ આપવી કંપની માટે ખોટું છે. યુદ્ધ દરમિયાન આ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. કંપની ઈઝરાયેલના સમર્થનમાં કામ કરી રહી છે. ગૂગલના વરિષ્ઠ અધિકારીઓ અને પ્રવક્તાનું કહેવું છે કે ઓફિસ કેમ્પસમાં આ પ્રકારનું વર્તન સહન કરી શકાય નહીં.

### ઇરાનના હુમલાનો વળતો જવાબ

## ઇઝરાયેલના ગાઝાપટ્ટી પર ૨૪ કલાકમાં ૪૦ હવાઈ હુમલા કર્યા

### લડાયક વિમાનોએ હમાસના આતંકવાદીઓના સ્થાનો પર બોમ્બમારો કર્યો હતો

। (એજન્સી) તેલઅવીવ, તા.૧૮ ।

લેબનોન બાદ ઈરાનના હુમલાથી ચોંકી ઉઠેલા ઈઝરાયેલે ગાઝા પટ્ટી પર ૨૪ કલાકમાં ૪૦ હવાઈ હુમલા કર્યા છે. તેના લડાયક વિમાનોએ હમાસના આતંકવાદીઓના સ્થાનો પર બોમ્બમારો કર્યો હતો. મિસાઈલો અને રોકેટ છોડ્યા. ઈઝરાયેલી સૈનિકોએ ભૂમિગત યુદ્ધ માં હમાસના ડઝનેક આતંકવાદીઓને ઠાર કર્યા છે. ઈરાન હમાસના આતંકવાદીઓને પૈસા, હથિયારો અને અન્ય વસ્તુઓ આપે છે. આથી ઈઝરાયેલે ફરી એકવાર ગાઝા પટ્ટીમાં હમાસના આતંકવાદીઓ વિરુદ્ધ ઓપરેશન શરૂ કર્યું છે.

આ હુમલામાં રોકેટ લોન્ચરનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. હમાસના ટાર્ગેટ પર જ ચોકસાઈ સાથે હુમલા કરવામાં આવી રહ્યા છે. અગાઉ સમગ્ર વિશ્વને લાગ્યું હતું કે ઈઝરાયેલની આયર્ન ડોમ અને અન્ય એર ડિફેન્સ સિસ્ટમ સાત ઈરાની બેલિસ્ટિક મિસાઈલોને રોકી શકશે. વાસ્તવમાં તે ફતાહ હાઈપરસોનિક મિસાઈલો હતી. જેને ઈઝરાયેલની કોઈ એર ડિફેન્સ સિસ્ટમ રોકી શકી નથી. આ સાત મિસાઈલો ઈઝરાયેલના નેવાટીમ એરબેઝ પર પડી હતી. મોસ્કોના સૈન્ય નિષ્ણાત વ્લાદિસ્લાવ શુરીગિને



જણાવ્યું હતું કે ઈરાને રાત્રે અનેક તબક્કામાં હુમલો કર્યો હતો. ઈરાનની મિસાઈલોની રેન્જ અને ઝડપ બહુ વધારે નથી. એટલા માટે પહેલા તેઓએ શહીદ ડ્રોન અને રોકેટથી હુમલો કર્યો. થોડા સમય પછી તેના પર સબસોનિક ક્રૂઝ મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો. ત્યારપછી ફતાહે હાઈપરસોનિક મિસાઈલ અને બેલેસ્ટિક મિસાઈલ છોડી હતી.ડ્રોન અને રોકેટોએ લગભગ એક સાથે ઈઝરાયેલ પર હુમલો કર્યો. આ પ્રથમ શોકવેવ હતો. તે જ સમયે, ઈઝરાયેલી સંરક્ષણ દળો, યુએસ નેવી એરક્રાફ્ટ કેરિયર અને ઈઝરાયેલના આયર્ન ડોમે આ હુમલાને રોકવા માટે જરૂરી પ્રયાસો કર્યા.

### અરજદાર પૈકી એક મહિલા મૃતક સાથે પ્રેમસંબંધમાં હતી

## આત્મહત્યા માટે નબળી માનસિકતા ધરાવતો વ્યક્તિ જવાબદાર, કોઇ અન્ય નહીં: દિલ્હી હાઇકોર્ટ

### આ ચુકાદો એવા કેસમાં આવ્યો હતો કે જ્યાં એક પુરુષે પ્રેમમાં નિષ્ફળતાને કારણે આત્મહત્યા કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હી હાઈકોર્ટે બુધવાર, ૧૭ એપ્રિલના રોજ આપેલા ચુકાદામાં ભારપૂર્વક જણાવ્યું હતું કે આત્મહત્યાની જવાબદારી માત્ર નાજુક માનસિકતા ધરાવતી વ્યક્તિઓની છે, અન્યની નહીં. જસ્ટિસ અમિત મહાજને કહ્યું હતું કે, "કમજોર અથવા નબળા મનના વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા ખોટા નિર્ણય માટે કોઈ અન્ય વ્યક્તિને આત્મહત્યા માટે ઉશ્કેરવા બદલ દોષિત ઠેરવી શકાય નહીં." કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે પ્રેમમાં નિષ્ફળતા અથવા નબળા શૈક્ષણિક પ્રદર્શન જેવા કિસ્સાઓમાં વ્યક્તિઓને ઉશ્કેરણી માટે જવાબદાર ઠેરવી શકાય નહીં.

આ ચુકાદો એવા કેસમાં આવ્યો હતો કે જ્યાં એક પુરુષે પ્રેમમાં નિષ્ફળતાને કારણે આત્મહત્યા કરી હતી. જેમાં મહિલાને તેને ઉશ્કેરવાના કોઈપણ આરોપમાંથી મુક્ત કરવામા આવી હતી. દિલ્હી હાઈકોર્ટે કહ્યું, 'જો પ્રેમમાં નિષ્ફળતાને કારણે પ્રેમી આત્મહત્યા કરે છે, તો મહિલાને આત્મહત્યા માટે પ્રેરિત કરવા માટે દોષિત ઠેરવી શકાય નહીં. આત્મહત્યા કરનાર વ્યક્તિના પિતાની ફરિયાદ પર એફઆઈઆર નોંધવામાં આવી હતી. અરજદાર પૈકી એક મહિલા મૃતક સાથે પ્રેમસંબંધમાં હતી. અન્ય અરજદાર




કોમન ફ્રેન્ડ હતો. તેમના પર આરોપ લગાવવામાં આવ્યો હતો કે અરજદારોએ મૃતકને એમ કહીને ઉશ્કેર્યો હતા કે તેઓ એકબીજા સાથે શારીરિક સંબંધો ધરાવે છે અને ટૂંક સમયમાં લગ્ન કરશે. મૃતકે પોતાની સુસાઈડ નોટમાં બે અરજદારોના કારણે આત્મહત્યા કરી હોવાનું લખ્યું હતું. અરજદારોને આગોતરા જામીન આપતી વખતે કોર્ટે કહ્યું હતું કે રેકોર્ડ પર મુકવામાં આવેલી વોટ્સએપ ચેટ પરથી પ્રાથમિક દૃષ્ટિએ એવું જણાય છે કે મૃતક સંવેદનશીલ સ્વભાવનો હતો અને જ્યારે પણ મહિલા તેની સાથે વાત કરવાનો ઈનકાર કરતી ત્યારે તે સતત આત્મહત્યા કરવાની ધમકી આપતો હતો. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે સુસાઈડ નોટમાં પીડા વ્યક્ત કરવામાં આવી હતી.




ગાંધીનગર લોકસભા ભાજપ ઉમેદવાર અમિત શાહ તેમના ગાંધીનગર વિસ્તારમા રોડ શો કર્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### કચ્છની ધરા ફરી એકવાર ભૂકંપના આંચકાથી ધ્રુજી ઉઠી

। (એજન્સી) કચ્છ,તા.૧૮ ।

ગુજરાતમાં અવાર-નવાર ભૂકંપના આંચકા અનુભવાય છે. આ દરમિયાન આજે બપોરે ૧ કલાક અને ૩૬ મિનિટે કચ્છના ખાવડામાં ૩.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. પ્રાથમિક વિગતો મુજબ બપોરના સમયે આવેલ આંચકાને લઈ સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. જોકે રાહતની વાત તો એ છે કે, હજી સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. કચ્છની ધરા ફરી એકવાર ભૂકંપના આંચકાથી ધ્રુજી ઉઠી છે. આજે બપોરના સમયે કચ્છ જિલ્લાના ખાવડામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર આ આંચકાની તીવ્રતા ૩.૭ નોંધાઈ છે. વિગતો મુજબ કચ્છના ખાવડાથી ૩૦ કિમી દૂર આ ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયું હતું.

### રાજકોટમાં તડકો લાગવાથી ૭૨ લોકો ઢળી પડ્યા

। (એજન્સી) રાજકોટ,તા.૧૮ ।

હજુ બે દિવસ ગુજરાત અગનભઠ્ઠીમાં શેકાશે, પોરબંદર, જૂનાગઢ અને ભાવનગરમાં હીટવેવની આગાહી, ગઈકાલે અમરેલીમાં સીઝનનું સૌથી વધુ ૪૪ ડિગ્રી તાપમાન નોંધાયું, ત્યારે રાજકોટમાં પારો ઉપર જતા લોકોની તબિયત લથડી. ગુજરાત છેલ્લા ત્રણ દિવસથી અગનભઠ્ઠી બન્યું છે. ઉત્તર-પૂર્વના ગરમ પવનો સીધા જમીન તરફ આવતાં ગુજરાતના મોટા ભાગનાં શહેરોમાં ગરમી વધી છે. ૧૭ એપ્રિલના રોજ સૌરાષ્ટ્રના અમરેલીમાં સીઝનનું સૌથી વધુ ૪૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. આ સાથે અમરેલી જિલ્લો બુધવારે દેશમાં સૌથી વધુ ગરમ જિલ્લો બન્યો હતો. ત્યારે રાજકોટવાસીઓની હાલત બગડી છે. રાજકોટમાં આજે રેકોર્ડ બ્રેક ૪૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જેમાં રાજકોટ શહેરમાં જ તડકો લાગવાથી ૭૨ લોકો ગઈકાલે બેભાન થયા હતા. રાજકોટ શહેરમાં ગઈકાલે રેકોર્ડ બ્રેક ૪૪ ડિગ્રી તાપમાન પહોંચ્યું હતું. રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ગરમીનો પારો આસમાને પહોંચ્યો છે. રાજકોટમાં છેલ્લા એક અઠવાડિયાથી હીટવેવની સ્થિતિ છે. કાળઝાળ ગરમીનો પારો ૪૩.૮ ડિગ્રીને ઉપર જ રહેતો હોય છે. આવામાં રાજકોટ શહેરમાં જ તડકો લાગવાથી ૭૨ લોકો ગઈકાલે બેભાન થયા હતા. રાજકોટ મનપાના આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણીએ જણાવ્યું કે, છેલ્લા ૪૮ કલાકમાં ગરમીના કારણે બેભાન થવું.

### લોકસભા ચૂંટણી પહેલા સૌથી મોટા સમાચાર સામે આવ્યા

# અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપ્યું

### આ સાથે ૨૦૨૨માં વરાછા બેઠકથી અલ્પેશ કથીરિયા ચૂંટણી લડ્યા હતા

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

લોકસભા ચૂંટણી પહેલા સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. લોકસભા ચુંટણી પહેલા જ આ બંને નેતાઓએ રાજીનામું ધરી દેતાં આપ માટે આ મોટો ફટકો ગણી શકાય છે. સુરતથી અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયાએ AAPમાંથી રાજીનામું ધરી દીધું છે. આજે આ બંને નેતાઓએ પ્રદેશ અધ્યક્ષને પત્ર લખી રાજીનામું આપી દીધું છે. વિગતો મુજબઅલ્પેશ કથીરિયા સુરત શહેર કાર્યકારી પ્રમુખ હતા. આ સાથે ૨૦૨૨માં વરાછા બેઠકથી અલ્પેશ કથીરિયા ચૂંટણી લડ્યા હતા. જોકે અચાનક લોકસભા ચૂંટણી પહેલા જ અલ્પેશ કથીરિયાનો AAP મોહભંગ થયો છે.



### જૂનાગઢ લોકસભા બેઠકના ચુડાસમા અને PSI વચ્ચે તૂતૂ-મેમ

# કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાં અને પીએસઆઈ વચ્ચે રકઝક થઈ

### પોલીસ કર્મચારીને વિમલ ચુડાસમાંએ પ્રશ્નો પૂછતા PSI જગ્યા પરથી રવાના થઈ ગયા. હીરા ભાઈ જોટવાએ નામાંકન પત્ર ભર્યું

। (એજન્સી) જૂનાગઢ,તા.૧૮ ।

ગીર સોમનાથના કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમાં અને PSI વચ્ચે રકઝક થઈ હતી. જૂનાગઢ લોકસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્યનું ફોર્મ ભરવા જતી વખતે PSI રોકતા વિમલ ચુડાસમાં પિત્તો ગુમાવ્યો હતો અને કહી દીધું કે પ્રજાનો પ્રતિનિધિ છું. DySP પણ ન રોકી શકે. કાયદા મુજબ નોકરી કરો, BJPનો ખેસ ન પહેરો...પોલીસ કર્મચારીને વિમલ ચુડાસમાંએ પ્રશ્નો પૂછતા PSI જગ્યા પરથી રવાના થઈ ગયા. હીરા ભાઈ જોટવાએ નામાંકન પત્ર ભર્યુંજૂનાગઢ લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર હીરા ભાઈ જોટવાએ પોતાનું નામાંકન પત્ર ભર્યું હતું. કલેક્ટર કચેરી ખાતે વિધિવત રીતે પોતાનું નામાંકન પત્ર હીરા ભાઈ જોટવાએ રજુ કર્યું હતું. કોંગ્રેસના ઉમેદવાર હીરા ભાઈ જોટવા પોતાનું નામાંકન પત્ર ભરે તે પૂર્વે શહેરની દોમડીયા વાડી ખાતે કોંગ્રેસ દ્વારા સભા યોજાઈ હતી. સભામાં અનેક કોંગ્રેસના આગેવાનો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. સભા પૂર્ણ થયા બાદ મોટી સંખ્યામાં કોંગ્રેસ દ્વારા રેલીનું આયોજન કરાયું હતું. શહેરના વિવિધ રાજમાર્ગો પરથી આ રેલી પસાર થઈ હતી. રેલીમાં ડી જે ના તાલે કોંગ્રેસ કાર્યકર્તાઓનો ઉત્સાહ અનેરો જ જોવા મળ્યો હતો. બાદમાં નિયમ મુજબ નિર્ધારિત લોકોની હાજરીમાં હીરા ભાઈ જોટવા એ પોતાનું નામાંકન પત્ર કલેક્ટર સમક્ષ રજુ કર્યું હતું. ઉપરાંત રજુઆત પણ કરી હતી કે નિષ્પક્ષ રીતે લોકસભા ચૂંટણી યોજાઈ કોંગ્રેસ ઉમેદવાર એ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે આ વખતે લોકોનો પૂર્ણ સહકાર તેમને મળી રહ્યો છે. જૂનાગઢની જનતા પાછલા વર્ષોમાં બહુ ત્રસ્ત થઈ છે ત્યારે આ વખતે જરૂર પરિવર્તન જોવા મળશે. ભાજપ દરેક પાસે મોદીના નામે મત માગે છે પરંતુ સ્થાનિક દરેક બાબત લોકો સીધી રીતે મોદી સમક્ષ રજુ કરી શકવાના નથી. હીરા ભાઈ એ પોતાની ભવ્ય જીતનો ભરોષો વ્યક્ત કર્યો હતો.



લોકસભા અમદાવાદ પશ્ચિમ કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલ આજે અમદાવાદ જીલ્લા પંચાયતમા ઉમેદવારી ફોર્મ ભર્યુ હતુ.

# શ્રમિકોને બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી કામ ન આપવા સૂચના

।(એજન્સી) અમદાવાદ,તા.૧૮।

રાજ્યમાં હિટવેવની આગાહીને લઈ વહીવટી તંત્ર હરકતમાં આવ્યું છે. મહેસુલ વિભાગ દ્વારા વિવિધ વિભાગોને પત્ર લખી ગુજરાત હિટવેવ એક્શન પ્લાન ૨૦૨૪ હેઠળ કામગીરી કરવા આદેશ અપાયો છે. આરોગ્ય વિભાગને જરૂરી તૈયારી કરવા હુકમ કરાયો છે.

સરકારી હોસ્પિટલ, સીએચસી-પીએચસી પર પુરતો દવાનો જથ્થો રાખવા સૂચના કરાયું છે.. હિટવેવથી બચવાના ઉપાયોનો પ્રચાર પ્રસાર કરવા પણ આદેશ અપાયો છે. શહેરી વિસ્તારોમાં રોડ પર શેડની વ્યવસ્થા રાખવા જણાવાયું છે. શ્રમિકોને બપોરે ૧ થી ૪ વાગ્યા સુધી કામ ન આપવા સૂચના અપાઈ છે. હિટવેવ સાયલન્ટ ડિઝાસ્ટર હોવાથી પુરતી તૈયારી કરવાના આદેશ અપાયા છે. વાતાવરણમાં પલટા પછી ફરીએકવાર સમગ્ર રાજ્ય ગરમમાં શેકાવા લાગ્યું છે. તાપમાનનો પારો સતત વધતો જઈ રહ્યો છે. હવામાન નિષ્ણાંતો હજુ વધારે ગરમી પડવાની આગાહી કરી રહ્યા છે.

### પરશોત્તમ રૂપાલા સામે દિન પ્રતિદિન આક્રોશ વધી રહ્યો છે

# માંજલપુરમાં રૂપાલાના વિરોધ દર્શાવતા બેનરો ઉતારાયા

। (એજન્સી) વડોદરા,તા.૧૮ ।

વડોદરા માંજલપુર ગામ અને દરબાર ચોકડી પાસે પરષોત્તમ રૂપાલાનો વિરોધ દર્શાવતા બેનરોન કરણી સેના દ્વારા લગાવવામાં આવ્યા હતા. જેથી પોલીસ બંને બેનર ઉતારી લીધા હતા અને કરણી સેનાના ૩૦ જેટલા યુવકોને માંજલપુર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા.

તાજેતરમાં જ કરણી સમાજના લોકોનું મહાસંમેલન મળ્યું હતું. ત્યારે આજરોજ ગુરુવારે કરણી સેનાના યુવકો દ્વારા પરશોત્તમ રૂપાલાને આપેલી ટિકિટ પરત ખેંચવામાં નહિ આવે તેની સામે વિરોધ દર્શાવતા બેનરો દરબાર ચોકડી અને માંજલપુર ગામમાં લગાવવામાં આવ્યા હતા. જેની કોઈ દ્વારા ફરિયાદ પોલીસને કરવામાં આવી હતી. જેથી આજરોજ ગુરુવારે પોલીસ ટીમે માંજલપુર ગામ તથા દરબાર ચોકડી ખાતે લગાવવામાં આવેલા બેનરો ઉતારી લેવામાં આવતા હતા.

બેનર ઉતારવામાં આવતા હોવાનું જાણી થતા કરણી સેનાના ૩૦ જેટલા યુવકો સ્થળ પહોંચી ગયા હતા અને બેનર ઉતારવા નારાજગી દર્શાવી હતી.પરંતુ પોલીસ બેનરો કબજે કરીને કરણી સેનાના ૩૦ જેટલા યુવકોને માંજલપુર પોલીસ સ્ટેશનમાં લઈ જવાયા હતા.

### વિશાળ જનમેદની વચ્ચે એક માઠા સમાચાર મળ્યા

# શાહના રોડ શોના બંદોબસ્તમાં હોમગાર્ડ જવાનને હાર્ટ એટેક આવતા તેનું મોત થયુ

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો છે. ગાંધીનગરથી ભાજપના ઉમેદવાર અમિત શાહે પોતાના મતવિસ્તારમાં વિશાળ રોડ શો યોજ્યો હતો. શાહના રોડ શોમાં સમર્થકોનું ઘોડાપુર જોવા મળ્યું હતું. પરંતુ વિશાળ જનમેદની વચ્ચે એક માઠા સમાચાર મળ્યા છે. અમિત શાહના રોડ શોના બંદોબસ્તમાં એક હોમગાર્ડ જવાનને હાર્ટ એટેક આવતા તેનું મોત થયું છે. અમિત શાહના રોડ શોના બંદોબસ્તમાં હોમગાર્ડ જવાન તૈનાત હતો. VVIP બંદોબસ્તમાં સાંણદ ગઢીયા ચાર રસ્તે પોઈંટ ઉપર હાજર હતા, તે દરમિયાન આ અગમ્ય ઘટના બની હતી. હોમગાર્ડ વિશે મળતી માહિતી પ્રમાણે સાણંદ યુનિટ હોમગાર્ડમાં ૬ વર્ષથી ફરજ બજાવતા હતા. પરંતુ અમિત શાહનો અમદાવાદમાં રોડ શો હોવાના કારણે બંદોબસ્ત પોઈન્ટ બદલાયો હતો અને હોમગાર્ડ જવાનને હદય હુમલા આવતા તેનું મોત થયું હતું. હોમગાર્ડ જવાન સાણંદના વસોદરા ગામનો વતની હતો. સાણંદ હોમગાર્ડ યુનિટ સંનત નંબર ૨૧૮૩, હોદ્દો છઉૅ૪ છે. હોમગાર્ડ જવાનનું નામ પ્રવિણભાઈ હરગોવિંદભાઈ કો.પટેલનું મોત થયું છે. હોસ્પિટલ ખાતે ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા.

### વાઘોડિયા બેઠકની પેટાચૂંટણીમાં જોવા મળશે ત્રિપાંખિયો જંગ થઈ

। (એજન્સી) વાઘોડિયા,તા.૧૮ ।

વાઘોડિયા વિધાનસભાના અપક્ષ ઉમેદવારના મધુ શ્રીવાસ્તવ એ આજે ઉમેદવારી પત્ર ભર્યું છે ને કહ્યું કે હું ૩૦ વર્ષથી ગામડાઓમાં ફરુ છું મને બધી ખબર છે. વાઘોડિયા વિધાનસભાની પેટા ચૂંટણીમાં ત્રિપાંખિયા જંગની શરૂઆત થઈ ગઈ છે. માજી ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે અપક્ષમાંથી ઉમેદવારી ફોર્મ ભર્યું છે. ઉમેદવારી નોંધાવતા પહેલા તેમને ભવ્ય રોડ શો યોજ્યો હતો જેમાં તેમના સમર્થકો પણ જોડાયા હતા ઉલ્લેખનીય છે કે વડોદરાની ધીરજ ચોકડીથી મધુ શ્રીવાસ્તવે પોતાના સમર્થકો સાથે રેલી કાઢી હતી. ત્યારબાદ ફોર્મ ભરવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે વડોદરા બેઠકથી જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સાથે જ મધુ શ્રીવાસ્તવે વર્તમાન ભાજપ ધારાસભ્યએ લોકોની જમીન પચાવી પાડી હોવાનો આરોપ લગાવ્યો હતો. મોટી સંખ્યામાં સમર્થકો સાથે મધુ શ્રીવાસ્તવે ફોર્મ ભર્યું છે. જેને લઈ હવે ત્રિપાખીયો જંગ વાઘોડિયા વિધાનસભા બેઠક ની પેટા ચૂંટણીમાં જોવા મળશે






માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨